

શ્રીસ્વામિનારાયણ મંદિર
કારેલીબાગ, વડોદરાથી પ્રકાશિત મેગેઝીન

# સત્સંગ સેવક

ફેબ્રુઆરી-૨૦૨૪



શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરાથી પ્રકાશિત

# સત્સંગ સેવક

ફેબ્રુઆરી, ૨૦૨૪

अयोध्या श्री राम जन्मभूमि तीर्थक्षेत्र में

## श्री राम मंदिर प्राण प्रतिष्ठा

२२ जनवरी २०२४, सोमवार

हार्दिक शुभकामना...

WATCH VIDEO













: આશીર્વાદ :

પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ

: સંસ્થાપક :

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી
સ્વામી-કુંડળધામ

# સત્સંગ સેવક


વર્ષ : ૨૦, અંક : ૨, ફેબ્રુઆરી-૨૦૨૪
(કુલ પેજ ૧ થી ૨૮)

તંત્રીશ્રી : સાધુ અચ્યુતદાસજી
સહતંત્રીશ્રી : સાધુ નંદકિશોરદાસજી

મુદ્રક : પ્રવીણ પ્રિન્ટીંગ, વડોદરા

:: માલિક તથા પ્રકાશક ::
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

વાર્ષિક લવાજમ : રૂ.૪૦/-
૪ વર્ષ લવાજમ : રૂ.૧૫૦/-
૧૫ વર્ષ લવાજમ : રૂ.૫૦૦/-
પરદેશમાં ૧૫ વર્ષ લવાજમ : રૂ.૮૫૦૦/-

'સત્સંગ સેવક' દર મહિનાની પહેલી
તારીખે પ્રકાશિત થાય છે.

પ્રકાશન સ્થળ તથા પત્ર વ્યવહાર
સત્સંગ સેવક કાર્યાલય
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ,
વડોદરા-૧૮, ફોન : ૦૨૬૫-૨૪૬૨૬૨૮

www.swaminarayanbhagwan.org
satsangsevak@kundaldham.org


## અનુક્રમણિકા


3 પાર નથી.
- પ.પૂ.શ્રીગુરુજી

4 ભગવન્નામસ્મરણનો મહિમા
- પ.પૂ.શ્રીગુરુજી

6 શ્રીહરિનું સ્મરણ કેમ કરવું જોઈએ ?
- સાધુ ઈશ્વરચરણદાસ

8 અજ્ઞાન
- સાધુ કૃષ્ણપ્રિયદાસ

9 પ્રેમનું ઝરણું
- સાધુ સાકારસ્વરૂપદાસ

10 જે શોધીએ તે મળે !
- સાધુ વર્ણીવેષદાસ

12 તુલસીની કંઠી-માળા
- સાધુ ચિત્સાગરદાસ

14 મહત્પુરુષનો રાજીપો
- સાધુ અનાદિસ્વરૂપદાસ

16 ભાવના ભૂખ્યા ભૂધરજી...
- સાધુ પ્રસન્નવદનદાસ

18 ગુણગ્રાહી બનીએ...
- સાધુ આત્મીયસ્વરૂપદાસ

20 બાળકિલ્લોલ

23 સત્સંગ સમાચાર

## કાવ્યકૃપા

# પાર નથી.

જો બધું સવળું લેવાય તો, શાંતિનો કોઈ પાર નથી;
દુ:ખને સ્વીકારી લેવાય તો, દુ:ખનો જરાય ભાર નથી.

અપમાન જો ખમી લેવાય તો, માનનું માન લગાર નથી;
સંપને સાચવી શકાય તો, કોઈ દુ:ખ દેનાર નથી.

સહુ મળી નિત સભા કરીએ તો, વિખવાદને કોઈ દ્વાર નથી;
વિવેકી ઉત્સાહ રાખીએ તો, જીવનમાં ક્યાંય હાર નથી.

હરિઆશ્રિતોને માટે તો, ભજન જેવો કોઈ આહાર નથી;
જ્ઞાન સાચું સમજાય તો, સુખાનંદ મૂર્તિ બા'ર નથી.





: રચયિતા :
પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી–કુંડળધામ



પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ તા.૧૮/૧૨/૨૦૨૨ રવિવારના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામમાં કરેલ મનનીય પ્રવચન...

કથામૃતમ્

# ભગવન્નામસ્મરણનો મહિમા

- પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

માગશર વદ એકાદશી એટલે સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય દિન. સંવત્ ૧૮૫૮માં ફરેણી ગામે રામાનંદ સ્વામીના ચૌદમાને દિવસે મોટી સભા ભરાઈ હતી અને એમાં ભગવાન સ્વામિનારાયણે એમ કહ્યું હતું કે, "આજ દિન સુધી તમે અલગ અલગ મંત્રથી ભગવાનની આરાધના કરતા હતા, પરંતુ આજથી બધાય **'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ'** ભજન કરજો."

આ રીતે ભગવાને પોતે પોતાના **"સ્વામિનારાયણ"**નામનો પ્રકાશ કર્યો, મહિમા કહ્યો. બધાને એ નામ રટવાનો આદેશ કર્યો અને સૌપ્રથમ વખત સ્વામિનારાયણ નામની ધૂન બોલાવી. એ ધૂન સાંભળીને સભામાંના કેટલાક ભક્તોને સમાધિ થઈ અને અક્ષરધામમાં ગયા. ઝરણા-પરણાના સાધુ શીતળદાસ પણ એ સભામાં હતા. તેમણે આ ચમત્કાર જોયો તેથી તેઓ ભગવાન શ્રીસ્વામિનારાયણનો સર્વોપરી નિશ્ચય કરીને સદ્.વ્યાપકાનંદ સ્વામી થયા.

ભગવાન શ્રીહરિએ 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' રટણ કરાવ્યું, ભજન કરાવ્યું. એ નામનું ભજન કરાવી કાંઈકનાં કારણશરીર બાળ્યાં, પાપ બાળ્યાં અને અક્ષરધામમાં પહોંચાડ્યા. ભગવાને દયા કરીને આજ્ઞા કરી તે દિવસથી આરંભીને આપણે બધા 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' ભજન કરીએ છીએ. **આપણે ભાગ્યશાળી છીએ કે, આપણે ભગવાને પોતે આપેલો મંત્ર જપીએ છીએ.**

આ 'સ્વામિનારાયણ' મંત્ર કોઈ ગુરુ પાસેથી લેવાનો હોતો નથી. કેમ કે, સ્વયં સ્વામિનારાયણ ભગવાને પોતે આ મંત્ર આપણને જપવા માટે આપેલો છે. **આ મંત્ર જપવામાં બીજો કોઈ વિધિ કરવાનો હોતો નથી. અતિશય સુગમતાથી સહેજે સહેજે સર્વ કાળમાં જપી શકીએ; એવો આ મહામંત્ર છે.**

બહુ મોટાં ભાગ્ય સમજીને એનું જેટલું રટણ, સ્મરણ, ભજન થાય એટલું કરી લેવું. હાથમાં કાઉન્ટીંગ મશીન હોય કે ન હોય, પણ મનમાં મનમાં સ્મરણ કરીએ, જીભથી સ્મરણ કરીએ તોપણ ચાલે. **આજ ઘણા સંતો-ભક્તો એવા છે કે, તેના હાથમાં ન માળા હોય, ન કાઉન્ટીંગ મશીન હોય, પણ એના મુખમાં સ્વામિનારાયણ મંત્રનો જપ અને મનમાં મહારાજનું સ્મરણ ચાલુ ને ચાલુ જ હોય. આપણે જ્યાં સુધી એટલી ઉચ્ચતમ સ્થિતિએ પહોંચ્યા ન હોઈએ ત્યાં સુધી માળા કે જપયંત્રનો આધાર લઈને ભગવાન શ્રીહરિનો**

**જપ કરીએ, તોપણ બહુ મોટી વાત કહેવાય.**

માટે જેટલું વધે એટલું 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' ભજન વધારવું. એને માટે એનો મહિમા જાણવો બહુ જરૂરી છે. **જો મહિમા હશે તો સ્મરણ કરવાનો ઉત્સાહ રહેશે, શ્રદ્ધા રહેશે અને પ્રેમથી સ્મરણ થશે.** ભગવાનનો મહિમા જાણતા હોઈએ અને મહિમાપૂર્વક નામસ્મરણ થાય, તો ઘણી શાંતિ થાય, ઘણું બધું ફળ મળે અને ભગવાનની નજીક જઈ શકીએ.

જે ચીજનું માહાત્મ્ય હોય એ ચીજ આપણાથી સહેજે સહેજે જ થતી હોય છે. મહિમા ન હોય તો પરાણે કરવું પડે, કોઈકના આદેશથી કરવું પડે. કરવું પડે એના કરતાં આપણે પોતે જ દિલથી આનંદથી કરીએ; એ બાબત અલગ છે.

નાનો બાળક હોય એને પરાણે સ્કૂલે મોકલવો પડે છે, પરંતુ જ્યારે એને ભણવાનો મહિમા થઈ જાય છે ત્યારે એ પોતે જ સારી રીતે અભ્યાસ કરે છે, સમય બગાડતો નથી; પણ જ્યાં સુધી એને ભણવાનું માહાત્મ્ય ન સમજાય ત્યાં સુધી એના વાલીઓએ પરાણે સમજાવી–પટાવીને ભણાવવો પડે છે. એવી રીતે આપણા વાલી એવા ભગવાનના સંતો–ભક્તો જ્યાં સુધી આપણને 'સ્વામિનારાયણ' નામનું માહાત્મ્ય ન હોય ત્યાં સુધી સમજાવીને, આજ્ઞાથી કે ભજનયાગ જેવા કાર્યક્રમો રાખીને ભગવાનનું સ્મરણ કરાવી ભગવાનમાં જોડે છે; પણ જે દિવસે આપણને પોતાને સમજણ પડી જશે કે, આમાં તો મોટો લાભ છે અને આ જ કરવા જેવું છે, ત્યારે કોઈ કહે કે ન કહે, ભજનયાગ હોય કે ન હોય, ધનુર્માસ હોય કે ન હોય, 'સ્મરણ વર્ષ' નામ રાખ્યું હોય કે ન રાખ્યું હોય; આપણે પોતે જ પોતાની રીતે મોટો મહિમા સમજીને, અખંડ પ્રભુપરાયણ રહેવા લાગીશું !

જેણે જેણે હરિનામ સંકીર્તનનો રસ ચાખ્યો છે અને જેને એમાં મજા આવી ગઈ છે, એ લોકો કોઈના રોક્યા રોકાયા નથી અને અખંડ સ્મરણ કરી પરમાત્મામય બની ગયા છે; આપણે પણ એ જ માર્ગના પથિક છીએ, માટે ભગવાનના સ્મરણમાં ક્યારેય આળસ, કચાશ કે ગાફલાઈ રાખવી ન જોઈએ.

ભગવાને પોતે પોતાના શ્રીમુખે સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા કહ્યો છે, તે શ્રીહરિલીલામૃત ગ્રંથમાં આ રીતે લખાયો છે.

**જે સ્વામિનારાયણ નામ લેશે,**
**તેનાં બધાં પાતક બાળી દેશે...**

'સ્વામિનારાયણ...સ્વામિનારાયણ' સ્મરણ કર્યાનું ઘણું માહાત્મ્ય છે. પહેલાં તો ભગવાન સ્વામિનારાયણે એ આશીર્વાદ આપ્યો કે, **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' સ્મરણ કરશે તો આ મંત્રનું સ્મરણ એનાં બધાં પાપ બાળી દેશે.** આપણાથી આખા દિવસમાં નાનાં મોટાં ઘણાં પાપ થાય છે. મન, કર્મ, વચને કેટલીક ભૂલો થાય છે. કેટલુંક સાચું–ખોટું ચિંતવાઈ જાય છે; જેમાં ક્યાંક સ્થૂળ તો ક્યાંક માનસિક પાપ આપણને લાગતાં હોય છે, માટે 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' જપ કરીએ તો એ બધાં પાપ બળી જાય છે.

**છે નામ મારાં શ્રુતિમાં અનેક,**
**સર્વોપરી આજ ગણાય એક.**

ભગવાને એમ કહ્યું કે, શ્રુતિમાં મારાં અનેક નામો છે, પણ આજ ઘોર કળિકાળમાં સર્વથી શ્રેષ્ઠ, સર્વોપરી મંત્ર જો કોઈ હોય તો એ છે, 'સ્વામિનારાયણ !' સ્વામિનારાયણ ભગવાને કેટલી બધી કૃપા કરી !! કોઈની પાસેથી મંત્ર માંગવાનો નહિ ! નાહી–ધોઈને પવિત્ર થઈને, દક્ષિણા લઈને જઈએ અને પછી કાનમાં 'સ્વામિનારાયણ' કહે પછી જ જપાય એવું પણ નહીં. સાવ સરળ અને મફત ! માટે આળસ–પ્રમાદ છોડીને ભગવાનનું નામ–સ્મરણ કરવા મંડી પડવું. તેનાથી જે લાભ થાય છે તે બીજા કોઈ સાધનથી થતો નથી, માટે સહુ સ્મરણ કરવા મંડી પડો. ●●●

# શ્રીહરિનું સ્મરણ કેમ કરવું જોઈએ ?

લેખક : સાધુ ઈશ્વરચરણદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

શ્રીહરિએ શિક્ષાપત્રીમાં કહ્યું છે –

**निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।**
**विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ।।**

સહુ પ્રથમ આપણે આપણા આત્મસ્વરૂપને ચોખ્ખું સમજવું. કેવું સમજવું ? તો **निजात्मानं ब्रह्मरूपं - પોતાના આત્માને બ્રહ્મરૂપે માનવો.** બ્રહ્મરૂપ એટલે શું ? તો તેની થોડી છણાવટ કરે છે. – **देहत्रयविलक्षणम् જેમાં દેહના કોઈ જ ભાવો ન હોય એવો શુદ્ધ ચૈતન્યરૂપ** માનવો.

સ્થૂળદેહના ભાવો કયા કયા ? તો હું પુરુષ છું, હું સ્ત્રી છું, બાળક છું, યુવાન છું, વૃદ્ધ છું, જાડો કે પાતળો છું, સાજો કે માંદો છું, કાળો કે ગોરો છું, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે ક્ષુદ્ર છું. આ મારી જન્મતારીખ છે. આ મારી મૅરેજ એનીવર્સરી છે; આવું સ્થૂળદેહને લગતું જે જે કાંઈ છે તે બધું સ્થૂળદેહના ભાવો છે. તે આપણા શુદ્ધ આત્મ સ્વરૂપમાં છે જ નહીં, માટે આપણે જ્યારે આપણને આત્મારૂપે કે બ્રહ્મરૂપે માનીએ ત્યારે આવા તમામ ભાવોથી રહિત નિરાકાર શુદ્ધ ચૈતન્યરૂપે માનવું કે વર્તવું જોઈએ.



સૂક્ષ્મદેહના ભાવો કયા ? તો દસ ઈન્દ્રિયો અને ચાર અંતઃકરણ દ્વારા જે જે ક્રિયાઓ થાય છે તે બધા સૂક્ષ્મદેહના ભાવો છે.

જેમ કે, ભાત–ભાતના સંકલ્પ–વિકલ્પ થાય, પંચવિષય ભોગવાય, માન–મોટ્યપ કે કીર્તિ મેળવવાની ઈચ્છા થાય, મળે તો મજા આવે અને તે ટળે તો દુઃખ થાય.

આ બધો સૂક્ષ્મદેહનો ડખો છે. આપણે સૂક્ષ્મદેહમાં એકમેક થઈને વર્તીએ છીએ એટલે તેને કારણે ભજન–સ્મરણમાં વારંવાર વિક્ષેપ આવ્યા કરે છે. જો તેનાથી જુદા પડી શુદ્ધ આત્મારૂપે કે બ્રહ્મરૂપે વર્તીએ તો તે વિક્ષેપથી બચી શકાય.

આત્મારૂપે રહીને બે પ્રકારે ઈન્દ્રિયો–અંતઃકરણના ભાવોથી બચી શકાય છે –

**(૧) આપણે આપણી વિવેકબુદ્ધિથી જેટલો યોગ્ય હોય તેટલો ઈન્દ્રિયો–અંતઃકરણનો ઉપયોગ કરી ભગવાનની આજ્ઞા પાળીએ, ભકિત કરીએ. દેહનો નિભાવ કરીએ. આપણી ફરજ બજાવીએ, પણ તેને આધીન થઈ જઈએ નહીં.**

**(૨) ઈન્દ્રિયો કે અંતઃકરણ બિનજરૂરી ચાળા કરવા લાગે ત્યારે તેને આપણાથી જુદા, વિરોધી કે શત્રુ સમજી તેમાં ભળી ન જઈએ.**

જેમ આપણી આજુબાજુમાં રહેલ બીજા કોઈ માણસો કાંઈ અયોગ્ય ક્રિયા કરતા હોય તો આપણે તેનાથી અલિપ્ત રહી આપણું કામ કર્યા કરીએ, તેમ ઈન્દ્રિયો–અંતઃકરણને આપણાથી જુદાં સમજી તેના અટકચાળાથી અલિપ્ત રહેવું જોઈએ. આપણે તેમાં રાગ કે દ્વેષ કર્યા વિના આપણા કર્તવ્યમાં કે સેવા, સત્સંગ–ભજનમાં વ્યસ્ત રહેવું જોઈએ.

કારણદેહના ભાવો એટલે અયોગ્ય ઈચ્છાઓ, ભગવાનની આજ્ઞા–મરજી વિરુદ્ધની વાસનાઓ.

આવી જે જે ઇચ્છાઓ ઉદ્‌ભવે ત્યારે આપણે એમ સમજવું જોઈએ કે, એ તો કારણશરીરના ભાવો છે, મારા નહીં. મેં ભૂતકાળમાં દેહરૂપે રહી આજ્ઞાવિરુદ્ધ ભોગો ભોગવ્યા હશે તેથી આવા રાગો અત્યારે ઉદ્‌ભવે છે. પણ હવે તો હું મહારાજ તથા મારા ગુરુજીની કૃપાથી સ્પષ્ટ સમજું છું કે, હું શુદ્ધ ચેતન આત્મા છું, બ્રહ્મ છું. મારે આવી કોઈ વાસના ભોગવવી નથી. હું શુદ્ધ આત્મારૂપે રહી ભગવાનની ભક્તિ અને આજ્ઞાપાલન કરતો રહીશ, તો કારણશરીરમાં જે કાંઈ વાસના છે તે બધી બળી જશે; એટલે તેની પીડા પણ ટળી જશે. જે ગામ જવું નહિ તેનું નામ શું લેવું ? તેમ મારે વાસના વધારવી કે ભોગવવી જ નથી, માટે વાસનાના ભાવોમાં ભળવું જ નથી. વાસના મારી માનવી જ નથી. તેનાથી અલિપ્ત રહી હું મહારાજની આજ્ઞા અનુસાર જીવન જીવીશ અને ભક્તિ કર્યા કરીશ.

આમ માનવા–વર્તવા છતાં વાસનાનો વેગ આવે તો તેનાથી તદ્ન જુદા પડી જવું. જેમ આપણા પાડોશી લસણ–ડુંગળીનાં ભજિયાં વારંવાર ખાધા કરતા હોય, તો આપણે તેમાં ભળી પણ ન જઈએ અને તેની સાથે ઝઘડો પણ ન કરીએ. આપણે આપણા કર્તવ્યમાં મશગૂલ રહી તેમાં ધ્યાન જ ન આપીએ; તેમ આપણે આપણને શુદ્ધ આત્મારૂપે માની વાસનાની અસરોથી અલિપ્ત રહી ભજન કર્યા કરવું જોઈએ.

કદાચ અમુક વાસનામાં લેવાઈ જતા હોઈએ તોપણ હિંમત હાર્યા વિના આપણો અભ્યાસ ચાલુ ને ચાલુ રાખીશું તો પ્રભુકૃપાથી આખરે આપણે જીતી જઈશું.

આમ ત્રણેય દેહના ભાવોથી જુદા આપણે આપણને શુદ્ધ ચેતન આત્મારૂપે કે બ્રહ્મરૂપે માનવા જોઈએ, અર્થાત્ હું દિવ્ય તેજરૂપ આત્મા છું, હું સર્વત્ર વ્યાપક એવો એકરસ ચિદ્‌ઘન બ્રહ્મ છું. મારામાં સદા સાકાર પરબ્રહ્મ શ્રીહરિ સાક્ષાત્ બિરાજમાન છે. તે સાકાર મૂર્તિ મારા શરીરી છે અને હું આકારરહિત એવો તેમનું શરીર છું; આમ સમજવું જોઈએ. આવું કાંઈપણ ભલે ન દેખાય તોપણ હું આત્મા જ છું, બ્રહ્મ જ છું, એમ મજબૂતપણે માનવું તો જોઈએ જ.

જેમ કોઈ મહિલાના ગર્ભમાં સંતાન હોય તેને આપણે ભાળતા નથી, છતાં સાયન્સના રીપોર્ટના આધારે તેને પુત્ર કે પુત્રીરૂપે ૧૦૦% માની લઈએ છીએ. તેમ આપણાં શાસ્ત્રો, સંતો અને સ્વયં શ્રીહરિએ દર્શાવેલ આ દિવ્ય વિજ્ઞાનના સહારે આપણે આપણને આત્મારૂપે કે બ્રહ્મરૂપે ૧૦૦% માની લેવા જોઈએ. એવી ધારણા કરતા રહેવું જોઈએ. એટલે જ મહારાજે આવું લખ્યું છે. **વિભાવ્ય તેન કર્તવ્યા ભક્તિઃ કૃષ્ણસ્ય સર્વદા ।।**

વિભાવ્ય - એવી વિભાવના–ધારણા કરીને હું ત્રણ દેહથી તદ્ન વિલક્ષણ એવો બ્રહ્મરૂપ આત્મા છું એમ ધારણા કરીને શ્રીહરિની સતત ભક્તિ કરતા રહેવું.

આપણે ત્રણ દેહના ભાવોથી જુદા વર્તીએ છીએ કે નહિ તેની ખાત્રી શું ? તો ત્રણ દેહના ભાવોના કારણે જેટલા હર્ષ–શોક રહિત રહી શકીએ તેટલા જુદા રહ્યા કહેવાય. જેમ કે, ભૂખ–તરસ, ટાઢ–તડકો, માન–અપમાનની પરિસ્થિતિમાં આપણે સહજ ભજનપરાયણ રહી શક્યા, વિક્ષેપ પામ્યા નહીં, તો તેટલા ત્રણ દેહથી જુદા પડ્યા. સારું ખાવા–પીવાનું મળ્યું તો હરખાઈને તેમાં આસક્ત થઈ ગયા. જો ન મળ્યું તો ખીજાઈને અકળાઈ ઊઠ્યા. આવું થાય તો દેહભાવમાં ભળી ગયા અને આત્મભાવ ભૂલી ગયા એવું કહેવાય.

આવી બધી જ પરિસ્થિતિમાં હર્ષ–શોક રહિત પ્રભુપરાયણ રહેવાય તેટલો આપણે બ્રહ્મરૂપે રહેવાનો અભ્યાસ વારંવાર લાંબા સમય સુધી ચાલુ રાખવો પડશે.

ગોપાળાનંદ સ્વામી, પર્વતભાઈ અને નેનપુરના દેવજી ભગત જેવા મુક્તોને પ્રેક્ટિકલ બ્રહ્મભાવ જ રહેતો હતો, એટલે તેઓ કોઈ પણ વિકટ પરિસ્થિતિ આવવા છતાં સમત્વધારી પ્રભુપરાયણ રહેતા હતા.

આપણે પણ **'બ્રહ્મભાવે સ્મરણ વર્ષ'**માં બ્રહ્મરૂપે રહી ભજન–સ્મરણનો અભ્યાસ ભૂલ્યા વિના કર્યા જ કરીશું તો શ્રીહરિની કૃપાથી એવી સ્થિતિ થઈ જશે. ●●●



# અજ્ઞાન



લેખક : સાધુ કૃષ્ણપ્રિયદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

જંગલમાં એક સિંહણે એક બચ્ચાને જન્મ આપ્યો અને અસહ્ય પીડાને કારણે તે મૃત્યુ પામી. એકલું નવજાત સિંહનું બચ્ચું ત્યાં પડ્યું હતું. ઘેટાંઓને લઈને પસાર થતા એક ભરવાડે આ જોયું. તાજા જન્મેલા બચ્ચા પ્રત્યેના દયાભાવથી તેણે બચ્ચાને પોતાની સાથે લીધું.

ભરવાડના વાડામાં ઘેટાંઓની સાથે આ બચ્ચું ઉછરવા લાગ્યું. સમય જતા તે શારીરિક રીતે સિંહ બની ગયું, પરંતુ સ્વભાવ અને વિચારની દૃષ્ટિએ એ ઘેટું જ રહ્યું. કારણ કે, એનો ઉછેર ઘેટાંઓની વચ્ચે થયો હતો.

એકવાર કોઈ એક સિંહ ભરવાડના વાડા પાસે આવી ગયો. સિંહને જોઈને ઘેટાંઓ ગભરાઈને આમતેમ ભાગવાં લાગ્યાં. તેની સાથે પેલું સિંહનું મોટું થઈ ગયેલું બચ્ચું પણ ભાગ્યું. સિંહને આશ્ચર્ય થયું કે, ‘મને જોઈને ઘેટાંઓ ભાગે એ તો સમજી શકાય, પણ આ સિંહ કેમ ભાગે છે ? એણે પેલા ભાગતા સિંહને પકડ્યો. તે એકદમ ગભરાઈ ગયો. ઝાડા-પેશાબ પણ છૂટી ગયા. સિંહે આ ભાગી રહેલા સિંહને પૂછ્યું, “તું મારાથી કેમ ગભરાય છે ?”

પેલો ઘેટા છાપ સિંહ કહે, “અરે ! તમે સિંહ છો અને હું તો ઘેટું છું, તો ડર તો લાગે જ ને !”

સિંહ તેને પકડીને નદી કાંઠે લઈ ગયો. નદીનાં પાણીમાં બંનેનું પ્રતિબિંબ બતાવીને કહ્યું, “જો આપણે બંને દેખાવે સરખા જ છીએ કે નહીં ? હું સિંહ છું તો તું પણ સિંહ જ છે. તું મારી જેમ ત્રાડ પાડ. તારાથી પણ એમ થશે.” પેલા સિંહને થોડો આત્મવિશ્વાસ આવ્યો અને એણે ગર્જના કરી. વર્ષોથી તેનામાં રહેલું ઘેટાપણું મૃત્યુ પામ્યું અને સિંહત્વ જીવિત થયું.

વહાલા ભક્તો ! આપણને પણ આવું જ થયું છે. કોઈ પણ શરીરમાં હોઈએ; આપણે તો આત્મા છીએ, શરીર નથી. અનાદિકાળથી વળગેલા કારણશરીરને કારણે આપણે આપણા મૂળસ્વરૂપને ભૂલીને ‘હું બુદ્ધિ’થી દેહને પોતાનું સ્વરૂપ માની લીધું છે. કમનસીબે આપણે દેહાત્મબુદ્ધિવાળા ઘેટા જેવા લોકોના ટોળામાં ભળીને આપણને સામાન્ય સમજી રહ્યા છીએ. શાસ્ત્રના કે સંતોના શબ્દોથી ખ્યાલ આવે કે આપણે કોણ છીએ ! પરંતુ આપણા મૂળસ્વરૂપને જોવા-જાણવાનો આપણે પ્રયત્ન જ નથી કરતા.

શ્રીજીમહારાજે પ્રથમના ૨૦મા વચનામૃતમાં કહ્યું છે કે, **“દેહમાં રહેનારો જે જીવ છે તે રૂપને જુએ છે અને કુરૂપને જુએ છે તથા બાળ, યૌવન અને વૃદ્ધપણાને જુએ છે, એવા અનંત પદાર્થને જુએ છે, પણ જોનારો પોતે પોતાને નથી જોતો તે જ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે.”**

અને વળી એમ પણ કહ્યું છે કે, **“જે ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દૃષ્ટિ કરે છે, તે તો પોતાના સ્વરૂપને અતિશય ઉજ્જ્વલ પ્રકાશમાન જુએ છે અને તે પ્રકાશના મધ્યે પ્રત્યક્ષ એવા જે પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુએ છે અને નારદ-સનકાદિક જેવો સુખિયો થાય છે. માટે હરિભક્તને તો જેટલી કસર રહે છે તેટલી પોતાની આળસે કરીને રહે છે.”**

વહાલા ભક્તો ! આપણે આપણું અજ્ઞાન ઓળખી, આળસ-પ્રમાદ છોડી આત્મામાં રહેલા પ્રભુમાં આપણું ચિત્ત જોડીએ અને સુખિયા થઈએ. ●●●

“પ્રેરક પ્રસંગ”

# પ્રેમનું ઝરણું

લેખક : સાધુ સાકારસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



આનંદ નામનો એક યુવાન એક મોટી કંપનીમાં નોકરી કરતો હતો. કંપનીના કોલ્ડ સ્ટોરેજ વિભાગમાં તે પોતાની ફરજ બજાવતો હતો. કોલ્ડ સ્ટોરેજમાં મૂકવામાં આવેલ ઠંડાં પીણાં, શાકભાજી, ફળફળાદિ વગેરે સારી રીતે સાચવવું તેમજ સફાઈ રખાવવી એ એમની જવાબદારી હતી.

એક દિવસ સાંજના સમયે કોલ્ડ સ્ટોરેજના એક વિભાગમાં કાંઈક પ્રોબ્લેમ થયો હોવાથી તે તેની તપાસ કરવા ગયો. આજે બીજો કોઈ મદદનીશ સાથે ન હતો. તેણે કોલ્ડ સ્ટોરેજની મુલાકાત લીધી. તપાસ કરી તો કોઈ ખાસ પ્રોબ્લેમ ન મળ્યો. જેવો તે કોલ્ડ સ્ટોરેજની બહાર નીકળવા ગયો, ત્યાં તો દરવાજો બહારથી લોક થઈ ગયેલો હતો.

આનંદે દરવાજો ખોલવા ખૂબ પ્રયત્નો કર્યા, અંદરથી બૂમ પાડી; પણ તેનો અવાજ બહાર કોણ સાંભળે ? હવે તો બહાર નીકળવાનો એક જ ચાન્સ હતો : જો કોઈ બહારથી દરવાજો ખોલે. ઓફિસનો સમય પણ પૂરો થઈ ગયો હતો તેથી સ્ટાફનાં બધાં માણસો પણ જતાં રહ્યાં હતાં. આનંદે પોતાનો જીવ બચાવવા ટેમ્પરેચર વધારવા પ્રયત્ન કર્યો, પણ ઓટો સીસ્ટમને કારણે ટેમ્પરેચર વધવાને બદલે ધીમેધીમે ઘટવા લાગ્યું. આનંદને હવે મનમાં નક્કી થઈ ગયું કે તેનું મૃત્યુ નિશ્ચિત છે.

આનંદ હવે સખત ઠંડીને લઈને બેભાન થવાની અવસ્થામાં હતો, ત્યાં અચાનક કોલ્ડ સ્ટોરેજનો દરવાજો ખૂલ્યો. દરવાજો ખોલનાર હતો – એ કંપનીનો સિક્યુરીટી ગાર્ડ ! તેણે જોયું તો કોલ્ડ સ્ટોરેજમાં આનંદ બેભાન જેવી અવસ્થામાં હતો. તરત જ તેણે આનંદને બહાર કાઢ્યો. થોડું તાપણું કરીને એણે તેના શરીરને ગરમી આપી.

થોડીવારમાં આનંદ સ્વસ્થ થયો અને સિક્યુરિટી ગાર્ડને પૂછ્યું, “ભાઈ ! તારી ફરજ તો બહારની છે, તું અહીં કોલ્ડ સ્ટોરેજમાં શું લેવા આવ્યો હતો ?” સિક્યુરિટી ગાર્ડે કહ્યું, “ભાઈ ! હું એક સામાન્ય માણસ છું. આ કંપનીમાં છેલ્લા બે માસથી નોકરી કરું છું. આ કંપનીમાં હજારો કર્મચારીઓ છે કે જે રોજ સવારે આવે છે અને સાંજે પાછા ઘરે જાય છે. હું દરવાજે ઊભો ઊભો એ બધાને જોઉં છું અને એ પણ મને જુએ છે. માત્ર તમે જ એક એવા છો કે જ્યારે સવારે આવો ત્યારે અને સાંજે પાછા જાવ ત્યારે મને ‘જય સ્વામિનારાયણ’ કહો છો. તમે જ્યારે હસીને મારી સાથે વાત કરો છો ત્યારે મને એમ થાય છે કે મારા જેવા સામાન્ય માણસની પણ કોઈકને તો કિંમત છે. આજે સવારે તમારા **જય સ્વામિનારાયણ** તો સાંભળવા મળેલ, પણ સાંજે હું તમારા **જય સ્વામિનારાયણ** સાંભળવાની રાહ જોતો હતો. બધા કર્મચારી જતા રહ્યા પણ તમને ન જોયા એટલે મને થયું કે શું થયું હશે ? એ શંકાએ હું તમને શોધતાં શોધતાં કોલ્ડ સ્ટોરેજમાં આવી પહોંચ્યો.” આનંદનું હૈયું તેનો નિ:સ્વાર્થ પ્રેમ જોઈ ભરાઈ આવ્યું.... અંતરમાં ભગવાનનો આભાર માન્યો.

માત્ર એક સ્નેહભર્યા વહેવારથી કેવું મોટું કામ થયું ! આપણા જીવનમાં પણ આવું બનતું હોય છે કે આપણી આજુબાજુના ઘણા વ્યક્તિ એવા હોય છે કે જેની નજર સામેથી આપણે રોજ પસાર થઈએ છીએ, છતાંય આપણે તેની સામું પણ જોતા નથી, સામું જોઈએ તોપણ કોઈ હાવભાવ વ્યક્ત કરતા નથી. દરેક સાથેનો પ્રેમપૂર્ણ વ્યવહાર આપણને પ્રેમથી ભરી દે છે અને સામેની વ્યક્તિના હૃદયમાં આપણું સ્થાન બનાવી દે છે. ●●●

# જે શોધીએ તે મળે !

લેખક : સાધુ વર્ણીવેષદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી





એક દિવસ એક પ્રોફેસરે ક્લાસમાં આવીને કહ્યું, “ચાલો એક ગેમ રમીએ. આ વર્ગમાં તમને જ્યાં જ્યાં કાળો રંગ દેખાય તે શોધો. અને કાળા રંગની વસ્તુઓ શોધીને એક લીસ્ટ બનાવો. એક મિનિટમાં જે સૌથી વધુ વસ્તુઓ શોધીને લખી શકશે તેને ઈનામ મળશે. ચાલો, કાગળ-પેન લઈને તૈયાર થઈ જાઓ. **One, two, three your times start now..."**

બધા આજુબાજુ નજર દોડાવીને જે કંઈ પણ કાળા રંગનું દેખાય તે વસ્તુ લખવા લાગ્યા. બ્લેક ટીશર્ટ, બ્લેક બોર્ડ, બ્લેક પેન, બ્લેક પેન્સિલ, બ્લેક દુપટ્ટો, કાળી બેગ, કાળા મોજા, કાળા બુટ... આમ ઘણું શોધાયું અને લખાયું.

એક મિનિટ થઈ એટલે તરત જ પ્રોફેસર બોલ્યા, “સ્ટોપ ! હવે કોઈ પણ વિદ્યાર્થી લખશે નહીં. હવે મારી વાત સાંભળજો. તમે બધાએ કાળી વસ્તુ શોધીને લીસ્ટ બનાવ્યું. કોઈએ દસ વસ્તુ લખી હશે..! તો કોઈએ પંદર...! તો કોઈએ વીશ...! બરાબર ?”

એક છોકરો બોલી ઊઠ્યો, “સર ! મેં ટોટલ બાવીસ વસ્તુ લખી છે.”

પ્રોફેસર હસ્યા અને બોલ્યા, “હા, તો હવે મારા એક સવાલનો જવાબ આપ કે તેં આ બાવીસ વસ્તુઓ શોધી ત્યારે તને લાલ રંગની વસ્તુઓ કેટલી મળી ? કે કેટલી પીળી વસ્તુઓ તેં જોઈ ?”

છોકરો બોલ્યો, “સર ! તમે કાળા રંગની વસ્તુઓનું લીસ્ટ બનાવવાનું કહ્યું હતું એટલે હું કાળા રંગની વસ્તુઓ શોધતો હતો એટલે બીજા કોઈ રંગની વસ્તુઓ પર મેં ધ્યાન જ નથી આપ્યું. તેથી લાલ રંગ કે પીળા રંગની કેટલી વસ્તુઓ હતી તે મને ખબર જ નથી. મારું પૂરું ધ્યાન કાળા રંગની વસ્તુઓ શોધવા પર જ હતું, તેથી મને આટલી બધી વસ્તુઓ દેખાઈ.”

આ વાત સાંભળી પ્રોફેસર હૃદયમાં કંડારી લેવાય તેવી વાતો કરવા લાગ્યા, "યાદ રાખજો વિદ્યાર્થી મિત્રો ! આપણે જીવનમાં જે શોધીએ તે જ આપણને દેખાય અને તે જ આપણને મળે. તમે કાળા રંગની વસ્તુઓ શોધતા હતા એટલે તે જ તમને દેખાઈ. આજુબાજુ બીજા રંગની વસ્તુઓ હતી પણ તે તમને દેખાઈ નહિ. તેની પર તમારું ધ્યાન પણ ન ગયું, બરાબર ને..! આ જ નિયમ બધે લાગું પડે છે.

જીવનમાં પણ તમે જે શોધશો તે તમને દેખાશે અને તે જ મળશે. કોઈની ખામીઓ શોધશો તો ખામીઓ દેખાશે, નબળાઈઓ શોધશો તો નબળાઈ દેખાશે, કામ શોધશો તો કામ મળશે, ખૂબી શોધશો તો ખૂબી દેખાશે, તક શોધશો તો તક મળશે, સાથ શોધશો તો સાથ મળશે અને પ્રેમ શોધશો તો પ્રેમ પણ મળશે."

આમ પ્રોફેસરે સરળ રીતે આ મહત્ત્વની વાત સમજાવી.

વહાલા ભક્તો ! જેની પર મહારાજની અને મોટાની કૃપા હોય તેને જ પોતાની ખામી દેખાય છે, મનાય છે અને સ્વીકારાય છે. તેઓ કોઈ દિવસ બીજાના દોષો સામે જોતા નથી. કેમ જે, તેને પોતાના દોષો–ખામીઓ સામે જ નજર હોય છે. અને તેવા ભક્તો ઉપર મહારાજ અને મોટા સંતોનો ખૂબ રાજીપો હોય છે. તેમનું હૃદય દિવ્યભાવથી ભરેલું રહે છે. કેમ જે, તેને બધામાં સારું શોધવાની ટેવ છે.

તેથી જ પૂ.ગુરુજીએ એક સૂત્ર આપ્યું છે – **'ગુણ ગોતો, ખૂબી ખોળો.'**

ગુણાતીતાનંદ સ્વામી એકવાર જૂનાગઢમાં કાળવા નદીએ સ્નાન કરવા જતા હતા. નિજમસ્તીમાં ધૂન–ભજન બોલતા હતા. તે જોઈને રસ્તામાં એક ફકીરને સ્વામીનો ગુણ આવ્યો. એટલે તે ફકીરથી સહજ બોલાઈ ગયું '**अरे..! देखो देखो स्वामिनारायण के ओलिया की क्या मस्ती है !**' તે સાંભળી સ્વામીએ પાછું વાળીને જોયું. પછી રાજી થયેલા સ્વામીએ તે ફકીરને કહ્યું, 'તમને મારો ગુણ આવ્યો, તેથી જાવ હું આશીર્વાદ આપું છું જે, અંતકાળે તમને ધામમાં લઈ જઈશ.' તેથી ફકીર સ્વામીના પગમાં પડ્યા. આમ સ્વામીએ તેનું સહજમાં કલ્યાણ કર્યું.

આમ, બીજામાં સારું જોવાની ટેવ હોય તો આપણું ભલું થાય અને બીજામાં કાળા રંગરૂપી દુર્ગુણ જોવાની ટેવ હોય તો ક્યારેય આપણામાં સારું આવે નહીં ને સારું દેખાય પણ નહીં.

ધોરાજીમાં એક મુસ્લિમ બિરાદરને સહુના ગુણ લેવાની ટેવ હતી. એમાં કોઈ કારણોવશાત્ તે ગાંડો થઈ ગયો, પરંતુ જે મળે તેનાં વખાણ કરે. આ ટેવ તેની એમની એમ રહી. એકવાર ગુણાતીતાનંદ સ્વામી વગેરે સંતો ધોરાજી આવ્યા. તે વખતે સંતોની મસ્તી જોઈને આ મુસ્લિમ સંતોનાં વખાણ કરતો કહે, '**क्या स्वामिनारायण के ओलिया का नूर है ! वो तो सबसे बडा ओलिया है ।**' આમ સ્વામીનાં વખાણ કર્યાં અને સંતનો ગુણ લીધો; તો ઈતિહાસ એમ બોલે છે કે, જ્યારે તેનો અંતકાળ આવ્યો ત્યારે શ્રીજીમહારાજ તેને તેડવા આવ્યા અને અક્ષરધામનો અધિકારી બનાવ્યો. ગુણ લેવાનો સ્વભાવ સત્પુરુષનાં વખાણના કામમાં આવ્યો તો મોક્ષ થઈ ગયો, જન્મ સુધરી ગયો. માટે સહુમાંથી ગુણ લેવાનો સ્વભાવ પાડવો. જે ગુણ લે છે તેનો સત્સંગમાં અચળ પાયો થાય છે. ગુણ લેવાથી જ જીવમાં બળ આવે છે. ગુણ લેનારનું જ જીવન સદ્ગુણી બને છે અને તે જ પ્રભુનો પ્યારો બને છે.

માટે જ કોઈકે કહ્યું છે કે,

**'જેવી દૃષ્ટિ, તેવી સૃષ્ટિ.'**

અંતમાં આપણે તો ભગવાનના માર્ગે ચાલ્યા છીએ. જો બધામાં ભગવાનને શોધીએ તો બધામાં ભગવાન દેખાય અને પોતે પણ ભગવદ્રૂપ થઈ જવાય. પૂ.ભજનપ્રકાશ સ્વામી બધાને મુક્ત માનતા તો પોતે મુક્ત બની ગયા. વહાલા ભક્તો ! આપણે પણ આવી દૃષ્ટિ કેળવીએ તેમજ મહારાજ અને પૂ.ગુરુજીનાં ચરણોમાં પ્રાર્થના કરીએ કે, 'આ ચર્મચક્ષુથી બીજાનું સારું જ દેખાય અને સર્વેમાં હે પ્રભુ ! આપનાં જ દર્શન થાય એવી કૃપા કરશો.' ●●●



આધ્યાત્મિક વિજ્ઞાન

# તુલસીની કંઠી-માળા



લેખક : સાધુ ચિત્સાગરદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

આપણા પ્રાચીન ગ્રંથોમાં રીતી-રિવાજો પાછળનાં કારણો દર્શાવાયાં નથી, પણ એના ચોક્કસ હેતુઓ અને ફાયદાઓ રહેલા છે, જે માનવના ઐહિક તેમજ પારલૌકિક લાભાર્થે હોય છે.

**શિક્ષાપત્રી શ્લોક ૪૧:**

**ધર્મવંશી ગુરુ થકી શ્રીકૃષ્ણની દીક્ષાને પામ્યા એવા જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના અમારા સત્સંગી તેમણે કંઠને વિષે તુલસીની બેવડી માળા નિત્યે ધારવી અને લલાટ, હૃદય અને બે હાથ એ ચારે ઠેકાણે ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું.**

એ આજ્ઞા અનુસાર આપણે કાયમ તુલસીની કંઠી પહેરીએ છીએ અને વળી માળા પણ ફેરવીએ છીએ. તેનું આધ્યાત્મિક તથા સાયન્ટીફિક મહત્વ અને લાભો જાણીએ.

## તુલસીની કંઠી-માળાથી શારીરિક લાભ :

તુલસીની કંઠી પહેરવાથી અને માળા ફેરવવાથી મન શાંત થાય છે અને શરીરમાં પોઝિટિવિટી વધે છે.

તુલસીના છોડમાં ઘણા ઔષધીય ગુણધર્મો છે. કંઠી પહેરવાથી શરીરમાં પ્રાણશક્તિ અને પાચનશક્તિ વધે છે. તાવ, શરદી, માથાનો દુખાવો, ચામડીના ચેપ, મગજના રોગો, સંધિવા, અસ્થમા અને ગેસ સંબંધિત અનેક રોગોમાં રાહત મળે છે તેમજ ચેપને કારણે થતા રોગો સામે પણ રક્ષણ આપે છે.

તુલસી એક અદ્ભુત દવા છે. ગળામાં તુલસીની માળા પહેરવાથી શરીરમાં વિદ્યુત તરંગો નીકળે છે, જે રક્ત પરિભ્રમણના અવરોધને રોકે છે; જેથી બ્લડપ્રેશર અને બ્લડસુગર કંટ્રોલ થાય છે. આ સિવાય મેલેરિયા જેવા અમુક પ્રકારના તાવમાં તુલસી ખૂબ જ ફાયદાકારક છે.

તુલસીની માળા પહેરવાથી યાદશક્તિ વધારવામાં પણ મદદ મળે છે. તે એન્ટિબાયોટિક, પીડા રાહત અને રોગપ્રતિકારક શક્તિ વધારવામાં પણ ફાયદાકારક છે.

તુલસીની માળા પહેરવાથી ખાસ કરીને માનસિક શાંતિ મળે છે, જેથી ભગવાન પ્રત્યે પ્રેમ અને ભક્તિ વધે છે, મનમાં સકારાત્મક ભાવનાનો વિકાસ થાય છે.

તુલસીની કંઠી પહેરવાથી અને માળા ફેરવવાથી ગળા અને આંગળીઓના જરૂરી એક્યુપ્રેશર પોઈન્ટ્સ ઉપર દબાણ આવે છે, જેનાથી માનસિક તણાવથી છૂટકારો મેળવવામાં મદદ મળે છે અને આરોગ્ય સુધરે છે.

વૈજ્ઞાનિક રીતે પુરવાર થયું છે કે તુલસીના લાકડાથી બનેલ માળામાં એક વિશેષ પ્રકારનું દ્રવ્ય હોય છે, જે માનસિક તાણથી મુક્તિ આપે છે. મનમાં ઉત્સાહ વધે છે. જો તુલસીના લાકડામાંથી બનાવેલી માળા શરીર સાથે જોડાઈ રહે, તો તે વાત-પિત-કફ દોષને

બેલેન્સ કરવામાં મદદગાર છે. આમ, શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે તુલસી ખૂબ લાભદાયી છે.

## કંઠીનું આધ્યાત્મિક મહત્વ :

જે રીતે દરેક નાગરિકને સરકાર દ્વારા વિદ્યાર્થીઓને સ્કૂલમાં અને કર્મચારીઓને તેમની કંપનીમાંથી આઈ-ડી પ્રૂફ આપવામાં આવે છે, જેથી વ્યક્તિને ત્યાંના નાગરિકત્વનું અનુસંધાન રહે અને તે દેશ, સ્કૂલ કે કંપનીના નિયમો પ્રમાણે તેને પ્રત્યે વફાદાર રહે; એવી જ રીતે કંઠી શાસ્ત્રોક્ત વિધિ અનુસાર 'હું ભગવાનનો છું અને ભગવાન મારા છે.' તે ભાવ કરાવે છે. હવે ભગવાનના આશ્રિત તરીકે એમની આજ્ઞામાં રહેવાનું સતત અનુસંધાન આપે છે.

### Kanthi is Ornaments of a Devotee.

બીજા દૃષ્ટાંતથી સમજીએ તો જેમ કોઈ મોટો રાજા ભિખારીની દીકરી સાથે લગ્ન કરે અને કન્યાને મંગળસૂત્ર પહેરાવે તો રાજાની જેટલી સંપત્તિ અને સત્તા હોય તે કન્યાનું થાય. પત્નીનું પ્રૂફ જેમ મંગળસૂત્ર છે તેમ આપણે ભગવાનના થયા તેનું પ્રૂફ કંઠી છે.

કંઠી અને તિલક-ચાંદલો એ પ્રભુની શરણાગતિનું પ્રતિક છે. પ્રભુની શરણાગતિ સ્વીકારવી, એમને આધીન થવું એ જ સર્વોચ્ચ સ્વતંત્રતા છે.

"હું સ્વામિનારાયણ ભગવાનને આધીન છું." એનું ભાન ભાલમાં તિલક-ચાંદલો અને ગળામાં રહેલી કંઠી કરાવે છે. એ જ્યાં સુધી આપણી સાથે હોય ત્યાં સુધી ખોટું કરવાની હિંમત પણ ન ચાલે, કેમ કે, તરત એમ થાય કે 'જો ખોટું કામ કરતા મને કોઈ જોશે તો મારા ઈષ્ટદેવ શ્રીહરિ અને કંઠી પહેરાવનાર મારા ગુરુજીની લાજ જશે.'

કંઠી પહેરેલી હોય તો ભગવાનની આજ્ઞા-નિયમો પાળવાનું બળ મળે.

## કંઠીની શરૂઆત :

શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં લીંબડાની છાંયા નીચે સભા ભરી બેઠા હતા. ત્યાં ગઢપુર ગામના જ હરિભક્ત ખીમજી સુતાર સભામાં આવ્યા. તેમણે એક નાળિયેરની કાચલીમાંથી બનાવેલી કંઠી શ્રીજીમહારાજને અર્પણ કરી. તે કંઠી જોઈને શ્રીજીમહારાજ બહુ જ પ્રસન્ન થયા તેમજ બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, સર્વે હરિજન અને સંતો પણ તે જોઈને બહુ રાજી થયા. પછી શ્રીજીમહારાજ તે કંઠી હાથમાં લઈ એમ બોલ્યા જે, "આવી જ, પરંતુ સુખડની અથવા તુલસીની કંઠી પહેરવાનો રિવાજ આજથી આપણા સંપ્રદાયમાં શરૂ કરવો." આ રીતે સ્વામિનારાયણ સંપ્રદાયમાં કંઠીની પ્રથા શ્રીહરિએ શરૂ કરાવી.

**काल-माया-पाप-कर्म-यमदूतभयादहम्।**
**श्रीकृष्णदेवं शरणं प्रपन्नोऽस्मि स पातु माम्।।**

આટલું બોલીને જ્યારે ગુરુ પાસેથી વર્તમાન ધારણ કરીએ છીએ, ત્યારે કંઠી પહેરાવ્યા પછી પંચવર્તમાન આપવામાં આવે છે, જે આપણે આખી જિંદગી પાળવાના રહે છે.

પંચ વર્તમાન : દારૂ ન પીવો, માંસ ન ખાવું, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, વટલવું નહીં અને વટલાવવું નહીં.

યુદ્ધમાં સૈનિકો દુશ્મનો તરફથી આવતાં તીર, ભાલા જેવા પ્રહારોની સામે પોતાને સુરક્ષિત રાખવા કવચ ધારણ કરે છે; એમ જ વિધિવત્ પ્રસાદીભૂત કંઠી આપણને કાળ, કર્મ, માયા, ભૂત, પ્રેત, પિશાચ વગેરે જેવા આસુરી ઉપદ્રવથી રક્ષા કરે છે.

સુરતનો એક રોહન નામનો કિશોર પોતાના મિત્રો સાથે સ્વામિનારાયણ મંદિરે ગયો. સંતો પાસે વર્તમાન લઈ કંઠી પહેરી સત્સંગી થયો, પરંતુ વેકેશનમાં મામાને ઘેર ગયો, ત્યાં કુસંગી મિત્રો સાથે ગામબહાર રમતાં રમતાં વૃક્ષ નીચે પેશાબ કરે, ભૂત તેને જુએ પણ તેનાથી કાંઈ થાય નહીં. એક વખત સૂતકને કારણે પૂજા, તિલક-ચાંદલો બંધ થયો ને રમતાં રમતાં કંઠી તૂટી ગઈ. પછી તેના મમ્મી સાથે તે રસ્તે જતાં તેને ભૂત વળગ્યું. તેના ધમપછાડા જોઈ આખું ઘર ગભરાઈ ગયું. તેમણે સંતો પાસેથી પ્રસાદીનું પાણી લાવી રોહન ઉપર છાંટ્યું, તેથી ભૂત નીકળી ગયું. ત્યારબાદ તેને કંઠી પહેરાવી ત્યારે રોહન અને તેના પરિવારને કંઠીનું મહત્વ સમજાયું.

ભગવાનની આજ્ઞા અનુસાર આપણે બેવડી તુલસીની માળા પહેરીએ તે આપણને કાયમ સંકેત આપે છે કે, એક સેર એટલે આત્મા અને બીજી સેર એટલે પરમાત્મા છે. આપણે આત્મા છીએ અને આપણું અંતિમ લક્ષ્ય ભગવાનને પામવું તે છે. માત્ર આવો આજ્ઞા અને લક્ષશુદ્ધિનો ભાવ આપણા હૃદયમાં દૃઢ રહે તોપણ ઘણો લાભ થાય છે. ●●●



# મહત્પુરુષનો રાજીપો

લેખક : સાધુ અનાદિસ્વરૂપદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

ગોંડલના જેઠામહારાજનું હૃદય સત્સંગના રંગથી રંગાઈ ગયું હતું. ગોંડલમાં જ્યારે જ્યારે શ્રીજીમહારાજ કે સંતો પધારતા ત્યારે ત્યારે જેઠામહારાજ દરેક પ્રકારની સેવા દોડી દોડીને પૂર્ણ પ્રેમભાવથી કરતા અને સર્વોત્તમ સ્વાદિષ્ટ રસોઈ બનાવીને હર વખત શ્રીજીમહારાજને જમાડતા; તેથી શ્રીજીમહારાજ અને સંતોની તેમની પર અમીદૃષ્ટિ રહેતી.

**સંતોના સેવા, સમાગમ અને રાજીપાથી જેઠામહારાજ એક આદર્શ સત્સંગી થયા. તેમનો કઠોર સ્વભાવ ટળી ગયો અને તેઓ શાંત, દયાળુ અને વિવેકી થયા. તેમનું જીવન નિર્દોષ, નિર્વ્યસની, પરોપકારી તથા પ્રભુમય બન્યું.**

તેઓ અભણ અને ભોળા હોવાથી શ્રીગોડ બ્રાહ્મણ જ્ઞાતિના કેટલાક લોકો તેમને ગમે તેવા પ્રશ્ન પૂછે અને એમની હાંસી-મશ્કરી કરે; છતાં તેઓ સત્સંગ દૃઢ રાખતા. પોતાને કોઈ ગમે તેમ કહે તેની તેમને ચિંતા થતી નહોતી, પરંતુ દ્વેષી કે ઓછી બુદ્ધિવાળા લોકો શ્રીજીમહારાજનું કે સંતોનું ઘસાતું બોલે તે તેમનાથી સહન થતું નહીં અને મનમાં જરા ગ્લાનિ જેવું થતું. તેમના મનમાં એમ થતું કે, 'જો હું શાસ્ત્રો ભણ્યો હોત તો, આ લોકોને શાંતિકારક ઉત્તર આપી શકત અને એમની કુબુદ્ધિ અને ભ્રમણા દૂર કરી શકત.'

એક વખત સંતોએ સહિત શ્રીજીમહારાજ ગોંડલ પધાર્યા હતા. મોટા મોટા ઘણા સદ્‌ગુરુ સંતો પણ સાથે હતા. જેઠામહારાજ પોતાની કાયમની ટેવ પ્રમાણે અતિશય આદરભાવથી દર્શન અને સેવા-સમાગમનો લાભ લેતા હતા. એક દિવસ જેઠામહારાજે સદ્. ગોપાળાનંદ સ્વામીને વિનયપૂર્વક બે હાથ જોડીને કહ્યું, "સ્વામી ! આ ગામમાં દ્વેષી લોકો ઢંગધડા વિનાના પ્રશ્નો પૂછે છે, હાંસી-મશ્કરી કરે છે અને સત્સંગનું ઘસાતું બોલે છે; સ્વામી ! હું અભણ હોવાથી તેમની સામે કાંઈ બોલી શકતો નથી અને ખેદ બહુ થાય છે."

ત્યારે જેઠામહારાજની શ્રીહરિ અને સંતો પ્રત્યેની નિષ્ઠા, સમર્પણ, સેવા અને શુદ્ધભાવ જોઈને યોગીરાજ સદ્.ગોપાળાનંદ સ્વામી તેમની ઉપર રાજી થઈને આશીર્વાદ આપતાં બોલ્યા કે, **"જેઠામહારાજ**



**આજથી વાદવિવાદમાં તમને કોઈ નહીં પંહોચી શકે. ગમે તેવો મોટો વિદ્વાન હશે, તેના પ્રશ્નનો પણ તમે ઉત્તર આપી શકશો, માટે તમારે કોઈથી ડરવું નહીં. તમે આખા ગામના અદા કહેવાશો. ગામમાં તમને કોઈ તુકારે નહીં બોલાવે."**

પછી તો સ્વામીના આશીર્વાદ મુજબ જેઠામહારાજ મોટા વિદ્વાનની પેઠે ભાષણ કરવા લાગ્યા. જેઓ તેમની હાંસી–મશ્કરી કરીને પ્રશ્નો પૂછતા તેમને એવા જડબાતોડ જવાબ આપતા કે જિંદગીભર તેમને બોલવાનું જ ન રહ્યું. આમ, સદ્. ગોપાળાનંદ સ્વામીના રાજીપાથી જેઠોમાંથી જેઠામહારાજ બની ગયા. અને તેમના થકી ગોંડલમાં સત્સંગ પણ ખૂબ વૃદ્ધિ પામ્યો.

વહાલા ભક્તો, ભગવદીય મોટા પુરુષના રાજીપા અને આશીર્વાદથી લોકો લૌકિક અને પારલૌકિક સુખ–શાંતિ પામ્યા હોય, પાપી પુણ્યશાળી બન્યા હોય, રંક રાજા થયા હોય, કુસંગી સત્સંગી થયા હોય અને મુમુક્ષુને ભગવાન મળ્યા હોય તેવા પુરાણોમાં અને ઈતિહાસમાં અનંત દાખલા છે. તેમના રાજીપાથી જે મળે છે, તે બીજા કોઈ ઉપાયથી મળતું નથી. આથી મહત્પુરુષના રાજીપા સમાન આ જગતમાં કોઈ વસ્તુ નથી; માટે સુજ્ઞ જન તેવા મોટા પુરુષનો રાજીપો અને આશીર્વાદ મેળવવા માટે લાંબા સમય સુધી તેમની સેવા અને સમાગમ નિર્માનીપણે કર્યા કરે છે.

પૂજ્યપાદ ગુરુજીએ પણ મહત્પુરુષના રાજીપા વિષે કહેલ છે કે,

**'જ્ઞાન' સંતનો રાજીપો, કોઈ જીવ ઉપર થાય;**
**અતિ નિર્બળ હોય, તોય બહુ બળિયો થઈ જાય.**
**આનું સારું થાઓ એવું, મોટાને મનમાં થાય;**
**'જ્ઞાન' તો એવા જીવનું, અતિ સારું થઈ જાય.**

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણના ૫૮મા મહારાજે કહેલ છે કે, **"અતિશય જે મોટા પુરુષ હોય તેનો જે ઉપર રાજીપો થાય તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તો નાશ પામે. અને મોટા પુરુષનો રાજીપો થયો હોય તો રાંક હોય તે રાજા થાય અને ગમે તેવાં ભૂંડાં પ્રારબ્ધ હોય તો રૂડાં થાય અને ગમે તેવું તેને માથે વિઘ્ન આવનારું હોય તે નાશ થઈ જાય."**

વહાલા ભક્તો ! માથે કોઈ ભગવદીય મોટા પુરુષ હોય તો ક્યારેક આપણે સત્સંગમાં કે વ્યાવહારમાં ગેરમાર્ગે જતા હોઈએ તો આપણને બચાવી લે છે. **અધ્યાત્મ માર્ગ એટલો બધો અટપટો છે કે માયામાંથી છૂટવાના અને ભગવાનને પામવાનાં મુખ્ય સાધનો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના સ્વરૂપ યથાર્થ સમજાયા ન હોય તો આપણે ભગવાનને બદલે માયા તરફ દોરાઈ જઈએ; અને એવા ભૂતકાળમાં ઘણા પ્રસંગો બની ગયા છે, માટે એવા સમયે તો ભગવદ્અનુભવી મોટા સત્પુરુષનું શરણું લીધું હોય તો જ ઊગરી શકીએ.** શ્રીમદ્ભાગવતમાં શ્રીવ્યાસ ભગવાન કહે છે,

**नैषा मतिस्तावदुरुक्रमाङ्घ्रिं स्पृशत्यनर्थापगमो यदर्थः।**
**महीयषां पादरजोभिषेकं निष्किञ्चनानां न वृणीत यावत्॥**
(ભાગ.૭/૫/૩૨)

જ્યાં સુધી મનુષ્યો જગતથી વિરક્ત એવા મોટા સત્પુરુષની ચરણરજમાં સ્નાન કરતા નથી; એટલે કે, તેમના દાસના દાસ બનતા નથી, ત્યાં સુધી તેઓની બુદ્ધિ જન્મ–મરણથી છોડાવનારાં ભગવાનનાં ચરણને પામવાને લાયક નથી બનતી.

વહાલા ભક્તો, જો મોટા પુરુષને રાજી કરવાના આવા લાભ હોય તો ચાલો મોટા પુરુષને રાજી કરવાના સદ્.ગુણાતીતાનંદ સ્વામીએ કહેલ ઉપાયો જાણીએ અને તે પ્રમાણે મોટાને રાજી કરીએ.

વિષય લોપી નાખતા હોય તો તેને મોટાને રાજી કર્યાનો શો ઉપાય છે ? એ પ્રશ્નનો ઉત્તર જે, 'મોટાની અનુવૃત્તિ અને તે જે કહે તે કરવું તે જ છે.' (૧/ ૧૧૧)

અને કામ, ક્રોધ, લોભ, માન, ઈર્ષ્યા ને દેહાભિમાન; એ સર્વે મૂકશે ત્યારે ભગવાન ને ભગવાનના સાધુ રાજી થાશે. (૧/૧૪)

શાસ્ત્રમાં તથા સત્પુરુષના કહ્યામાં એમ છે જે, મોટા રાજી થાય તો સર્વે કામ થાય. તે રાજી થયાના ઉપાય ચાર છે. તેની વિક્તિ જે, **એક તો એને કાંઈ પદાર્થ જોઈતું હોય તે આપવું. બીજું તેના દેહની સેવા કરવી, ત્રીજું તેને આગળ હાથ જોડીને વિનય કરવો ને ચોથું એની અનુવૃત્તિ તે અનુવૃત્તિમાં તો સર્વે વાત આવી જાય; એ જેવું બીજું નથી. (૩/૬૨)** ●●●

# ભાવના ભૂખ્યા ભૂધરજી...

લેખક : સાધુ પ્રસન્નવદનદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક વખત મહારાજ વડતાલને વિશે વિરાજમાન હતા. તે વખતે દેશદેશથી હરિભક્તોના સંઘ મહારાજનાં દર્શને આવતા. તે સહુ પોતપોતાની શક્તિ પ્રમાણે મહારાજને રાજી કરવા સારુ સેવા કરતા હતા. તેમાં કોઈક તો મહારાજને થાળ કરીને ભારે ભારે ભોજન જમાડે ને કોઈક તો મહારાજની સાથેનાં તમામ માણસોને પણ જમાડે, એમ સેવા કરતા હતા.

તે વખતે એક ગરીબ હરિભક્ત હતો, કે તેને ખાવા પણ પૂરું મળતું નહોતું. તેને વખતોવખત મહારાજને જમાડવા સારુ ભાવના થાય પણ શું કરે ? બિચારો દુર્બળ એટલે કાંઈ ખર્ચ કરી શકે નહિ; તેથી ઘણો દિલગીર રહ્યા કરે. એક દિવસ તે સાચી ભાવનાથી મહારાજને જમાડવા માટે કોદરાના રોટલા અને મઠનું શાક બનાવવા લાગ્યો. તે વખતે જ મહારાજ તેના અંતરનો ભાવ જાણીને તે પૂરો કરવા તેને ઘેર ગયા.

મહારાજને અચાનક પધાર્યા જાણીને તે તો બહુ વિસ્મિત થઈ ગયો અને હાથ જોડીને ગદ્ગદ કંઠે બોલ્યો કે, “અરે મહારાજ ! આપ મારા ઘરે પધાર્યા !” ત્યારે મહારાજ કહે, “અમને ભૂખ બહુ લાગી છે, માટે તારા ઘણા દિવસનો ભાવ હતો તે અમે પૂરો કરવા આવ્યા છીએ.” ત્યારે તે ભક્ત કહે, “મારાં ધન્ય ભાગ્ય જે તમે અક્ષરાધિપતિ પૂર્ણપુરુષોત્તમનારાયણ મારે ઘેર પધાર્યા.” એમ કહી ઘણો રાજી થયો.

પછી તે હરિભક્તે ભાવે કરીને મહારાજને કોદરાનો રોટલો ને મઠનું શાક પીરસ્યું. મહારાજ તે જમવા માંડ્યા, પણ તે હરિભક્તને બહુ શરમ લાગી કે, ‘મહારાજ મારે ઘેર પધાર્યા ને કોદરાનો રોટલો ને મઠનું શાક...’ પરંતુ મહારાજ તો અતિ પ્રસન્ન થકા તે રોટલો અને શાક જમતા જાય છે અને બીજા હરિભક્તોને પ્રસાદી આપતા જાય. ત્યારે તે જોઈને ભગત બહુ રાજી થયા. પછી મહારાજ જમીને ત્યાંથી પાછા ઉતારે પધાર્યા.



વહાલા ભક્તો ! આ ગરીબ હરિભક્તને હૃદયમાં સાચો ભાવ હતો તો મહારાજ સામે ચાલીને તેને ત્યાં ગયા અને

જમીને તેને રાજી કર્યો; આમ જો સાચા ભાવથી કોદરો અને મઠનું શાક બનાવ્યું હોય, તોપણ મહારાજ પ્રેમથી આરોગે છે અને જો ભાવ વગર માત્ર સારા દેખાવા માટે જ અનંત પ્રકારનાં પકવાનો બનાવીએ તોપણ પ્રભુ એ સ્વીકારતા નથી. તે હવેના પ્રસંગ ઉપરથી જોઈએ.

મહારાજ ત્યારે વડતાલમાં પંદર દિવસ રહ્યા હતા. તે વખતે બીજા ગામના ધનાઢ્ય હરિભક્તો પણ દર્શને આવ્યા હતા. તેમણે વિચાર કર્યો જે, 'આપણે મહારાજને માટે થાળ કરીએ, પણ એવો થાળ કરીએ કે, કોઈ દિવસ મહારાજે ભાળ્યું ન હોય અને કાને સાંભળ્યું પણ ન હોય, તેવાં પકવાન કરીએ જેથી મહારાજ આપણને ખૂબ વખાણે;' આમ ભગવાનને જમાડવાના ભાવ કરતાં મહારાજ વખાણે અને બીજા કરતાં પોતે શ્રેષ્ઠ દેખાય તે માટે થાળ તૈયાર કર્યો. પછી મહારાજને જમવાને માટે બોલાવવા આવ્યા, પણ મહારાજ તો સામું પણ જુએ નહીં. પછી મૂળજી બ્રહ્મચારીએ મહારાજને કહ્યું જે, "મહારાજ ! આ હરિભક્તોએ થાળ કર્યો છે, તે જમવા પધારો." મહારાજ કહે, "બ્રહ્મચારી ! અમે હમણાં જમ્યા છીએ, તે પેટમાં ભૂખ જ નથી." પછી બ્રહ્મચારી કહે, "મહારાજ ! મોટા ધનાઢ્ય ભક્ત છે, તેઓએ રાત બધી દાખડો કરીને તમારે માટે થાળ કર્યા છે."

પછી બ્રહ્મચારીનો બહુ આગ્રહ જોઈને મહારાજ જમવા પધાર્યા અને બાજોઠ ઉપર વિરાજમાન થયા. અને મહારાજ આગળ બધાં પકવાનના થાળ ધર્યા. પછી મહારાજ તેમાંથી ભાતનો એક ગ્રાસ જમીને હાથ ધોઈને ઊઠી નીકળ્યા, પણ બીજાં પકવાન સામું જોયું પણ નહીં. તે ભક્તોને મહારાજે ક્યારેય દેખ્યાં ન હોય તેવાં ભોજન જમાડવાનો ભાવ હતો, તે ખરેખર તેમના પકવાન સામું મહારાજે જોયું પણ નહીં ને ઉતારે પધારી પોઢી ગયા.

વહાલા ભક્તો ! પેલો ભક્ત ગરીબ હતો, પરંતુ ભાવના સાચી હતી તો ભગવાન સામે ચાલીને તેમનો કોદરાનો રોટલો ને મઠનું શાક પ્રેમથી જમ્યા; જ્યારે આ ધનાઢ્ય ભક્તો પાસે સંપત્તિ તો ઘણી હતી પણ ભાવના ન હતી ને દેખાડી દેવાનો ભાવ હતો, તો ભગવાને તેની સામું પણ ન જોયું. માટે **સંપત્તિ થોડી હોય કે ઝાઝી, પણ આપણે સાચી ભાવના રાખીએ તો ભગવાન જરૂર પ્રેમથી સ્વીકારે છે; કેમ કે, ભગવાન ભાવનાના ભૂખ્યા છે, ભારે ભોજનના નહીં.** ●●●



# ગુણગ્રાહી બનીએ...

લેખક : સાધુ આત્મીયસ્વરૂપદાસ  ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

દર્શનનું જીવન સૌને માટે આદર્શરૂપ, પ્રેરણારૂપ અને વળી અનુકરણીય પણ ખરું. તમે જ્યારે પણ એને મળો, એના મોઢે કાયમ મહિમા અને દિવ્યભાવ જ ઝરતો હોય. સત્સંગમાં હંમેશાં તેની ચડતી કળા. એનું આવું સુંદર જીવન શાથી ? એનું રહસ્ય શું ? બસ એ જ... કોઈનું નેગેટિવ બોલે નહીં, સાંભળે નહીં કે વિચારે પણ નહીં. એટલો બધો એ પોઝિટિવ કે ન પૂછો વાત. ગમે તેવા વ્યક્તિમાંથી ગુણ શોધી કાઢે. કોઈની નિંદા એના કાને પડે તો એ અકળાઈ જાય. તરત જ કાન આડા હાથ કરી દે.

દર્શનનો આટલો ટૂંકો પરિચય સાંભળી તમને સારું લાગ્યું ને ! જો આપણે પણ તેના રસ્તે ચાલવા ઈચ્છતા હોઈએ તો આપણી આજુબાજુમાંથી આપણે પણ એવો કોઈક દર્શન ખોળી કાઢવો જોઈએ. બસ હવે તેના જીવનને જોયા કરો, તેનાથી પ્રભાવિત રહો, તેની પાસેથી સમજણ શીખતા રહો. આમ દર્શનના પગલે ચાલ્યા કરવાથી એક દિવસ ચોક્કસ મારા પ્રભુનાં દર્શન થઈ જશે...

સુજ્ઞજનો હંમેશાં વ્યક્તિના સદ્‌ગુણોને જ ધ્યાનમાં લેતા હોય છે; તેની સ્વભાવિક પ્રકૃતિને કદાપી નહીં. તેઓની સુજ્ઞતાની એ જ તો કરામત હોય છે કે તેઓ મહિમા-દિવ્યતાના પ્રભાવમાં અન્ય દોષો જોઈ શકવા સમર્થ જ નથી રહેતા.

શ્રીહરિનો પડછાયો બનીને કાયમ પ્રભુની સાથે રહેતા એવા મૂળજી બ્રહ્મચારી, કે જેઓ ગ્રામ્યકથા ન કરવાની મહારાજની આજ્ઞા થતાં સમજ્યા વગર રામકથા ન કરવાનું કહી આવ્યા હતા. આપણે આ બાબતને તેમની ભોળપ કે વ્યવહારની સૂઝબૂઝના અભાવ તરીકે જોવી હોય તો એમ પણ જોઈ શકાય અને પ્રભુને તૃષા લાગતાં તેમણે ઝડપથી પાણી લાવવા માટે વડતાલ મંદિરની પ્રદક્ષિણામાંથી ઠેકડો માર્યો હતો. વળી, દિવાસ્વપ્નમાંથી જાગતાં જ અગ્નિ થકી બચાવવા પ્રભુને તેડીને ભાગ્યા હતા; આ તેમની પ્રભુપ્રેમની પરાકાષ્ઠાને ધ્યાનમાં લેવી હોય તો એ પણ લઈ શકાય.

આપણી દૃષ્ટિ કેવી છે ? આપણે શું લઈએ છીએ ? બસ, તેના ઉપર જ આધાર છે કે આપણી પ્રગતિ થશે કે અધોગતિ ! વચ.ગ.પ્ર.૫૮માં શ્રીહરિએ કહ્યું છે એ મુજબ ચિંતામણિ સમાન આ મુક્તોને જેવા માનીશું એવા આપણે બની જવાના.

આપણે દાદાખાચર ભેળા રહેતા હોત તો નાના મોઢાવાળા માટલામાં મોટું કોળું નાંખવાનો પ્રસંગ જોઈ આપણે તેમનું મૂલ્યાંકન કેવી રીતે કરત ? સામાન્ય બુદ્ધુ તરીકેનું કે પરમ વિશ્વાસુ અને મહાજ્ઞાની તરીકેનું ? આ પ્રસંગે વિચારી લઈએ કે વર્તમાનકાળમાં આવા સંતો-ભક્તોને જોઈને, આવાં જ કોઈક દૃશ્યો નિહાળીને એ પ્રસંગે આપણે શું વિચારીએ છીએ ? બસ, એ મુજબ આ સત્સંગમાં આપણું લેવલ બંધાવાનું, એટલું સુખ આવવાનું; કેમ જે, આપણા આત્માને પરમાત્મા સુધી પહોંચાડવાનો અથવા તો અધોગતિ તરફ ધકેલી દેવાનો આ જ એપીકસેન્ટર પોઈન્ટ છે. શ્રીહરિએ વચ.ગ.પ્ર.૫૩માં કહ્યું છે એ મુજબ સત્સંગમાં વૃદ્ધિ પામતા રહેવું હોય તો હંમેશાં અન્યના ગુણ અને પોતાના દોષ ઉપર જ દૂરબીન મુકાય. ભૂલેય આનાથી ઊલ્ટુ થઈ જાય તો મરી જઈએ.

આ માર્ગમાં જે સામાની બાહ્ય સ્વાભાવિક પ્રકૃતિ ન જોતાં હંમેશાં તેમના સદ્‌ગુણોને જ હાઈલાઈટ કરે છે, એને મોક્ષમાર્ગમાં એક પણ વિઘ્ન રુકાવટ કરી શકતું નથી; માટે સ્વાભાવિક પ્રકૃતિને સ્વાભાવિક જ રખાય. જો તેને હાઈલાઈટ કરવા જઈએ તો અન્ય ઘણા સારા સદ્‌ગુણો નજરે ન ચડતા સામાની નાની

એવી નજીવી બાબત જ દેખાયા કરે; એમાં આપણી દિવ્યતા સાવ મરી પરવારે. આખરે એનાથી આપણું પતન જ થાય. સ્વાભાવિક પ્રકૃતિ કે દોષ–સ્વભાવ જોવા બેસીએ તો કોનામાં ન દેખાય ! આ પૃથ્વી પર રહેલ હરકોઈમાં દેખાય.

અરે ખુદ મહારાજ આ પૃથ્વી પર પધાર્યા ત્યારે એમણે પણ વચ.પંચાળાના ૪માં દર્શાવ્યા મુજબ આબેહૂબ મનુષ્યની જેમ જ સ્વાભાવિક પ્રકૃતિ જણાવી છે; તો શું આપણે ભગવાનને મનુષ્ય માની લેવા ? જાળિયા ગામમાં પ્રભુ દેહનો મંદવાડ જણાવી ભુજની બજારમાં રહેલી જલેબી માગે, કરિયાણામાં આવતા દ્વેષી દિવાનથી ડરી પ્રભુ મીણબાના પટારામાં સંતાઈ જાય, વડતાલમાં ફૂલજરીની વિદાય વેળાએ પરમસ્નેહી પ્રભુ આંખમાં આંસુ લાવીને સ્નેહ દર્શાવે; આ બધું શું કહેવાય !

આવું જ કાંઈક એના સંતો–ભક્તોમાં દેખાય ત્યારે આપણે શું વિચારાય ? આ લોકમાં રહેતા દેહના યોગે પ્રગટ સંતો–ભક્તોમાં થોડું ઘણું આમતેમ દેખાય, તો તેમાં ભાવ ઘટાડી ન બેસાય. તેમની સાથે બેઠક–ઊઠક કે લેતી–દેતીના કોઈક પ્રસંગોમાં તેમનો ગૌણભાવ કરી બેસીએ તો આપણી પ્રગતિ થવાને બદલે પડતી જ થાય. ખરેખર તો પ્રકૃતિ દેખાવા છતાં ગૌણભાવ ન થાય અને આપણા મહિમા, દિવ્યભાવ, મુક્તભાવમાં ઉમેરો થતો જાય એ જ સાચી સમજણ છે.

એક જ પ્રસંગનું મુલ્યાંકન પર્વતભાઈ જેવા મહિમાવાળા ગુણગ્રાહી ભક્તો અલગ કરે અને તેની સામે સુરા ખાચર જેવા ભક્તો પણ અલગ કરે; પરંતુ આખરે ફાયદો તો મહિમાવાળાને જ છે. બાહ્ય દષ્ટિથી જોવા જઈએ તો જેઓ ખુદ શેષનારાયણના અવતાર હતા એવા શ્રીહરિજી મહારાજના મોટાભાઈ રામપ્રતાપભાઈ પણ ક્યારેક થોડા ઘણા ખીજાઈ જતા, પરંતુ તેની સામે તેઓ પ્રભુભક્તિમાં નિમગ્ન બની પૂનમે ધૂન–કીર્તન ગાતા થકા વડતાલમાં આવે ત્યારે હરિકૃષ્ણ મહારાજ મૂર્તિમાંથી પ્રગટ થઈને તેમને કંઠમાં હાર પહેરાવતા. આ તેમની મોટાઈ કેવી અદ્‌ભુત કહેવાય !

લાડુબા–મોટીબા જેવાં મુક્તોને પણ મહારાજને દૂધ જમાડવાના ભાવનિમિત્તે એકવાર પરસ્પર મીઠો ઝઘડો થયેલો, પરંતુ તેની સામે પ્રભુવિયોગે તેઓ જીવી નહોતાં શકતાં એ બાબત કેટલી ઊંચી ગણાય !

નંદસંતોમાં પણ ક્યારેક કોઈક બાબતે નાના–મોટા મતભેદ થયા હોવાના આપણા શાસ્ત્રોમાં કેટલાક પ્રસંગો નોંધાયા છે, પરંતુ તેની સામે એ જ સંતો પ્રભુને પોતાનો પ્રાણ માની તેમની મરજી મુજબ દાસત્વ અને મહિમા સાથે અરસપરસ સંપ રાખીને જીવન જીવતા. આવા સ્વાભાવિક પ્રસંગોથી તેઓને ક્યારેય કાયમી આંટી નથી પડી. કેમ જે, તેઓ ટેમ્પરરી આવેલ વેગ–આવેગને ગણીને ગાંઠે નહોતા બાંધતા. માટે આપણે પણ અવગુણથી ભરેલી આપણી દૂષિત દષ્ટિનો ત્યાગ કરી સતત ગુણગ્રાહી બન્યા રહેવું.

આ માટે આખો દિવસ દષ્ટિ રાખીને દૂરબીન મૂકીને અન્યના સદ્‌ગુણો જ જોતા રહેવાના કે... “કેયુરભાઈની સેવા ગજબની. મૌલિકની શ્રદ્ધા કહેવી પડે, આપણા પ્રશાંતભાઈ કેવા ધીરગંભીર ! મીનેશભાઈની સમજણને કોઈ ન આંબી શકે. મનિષભાઈ તો મુક્ત જ છે. ઉચીતને સંતો–ભક્તોનો મહિમા અને દિવ્યભાવ અનોખો છે. ધર્મનિયમ અને આજ્ઞાપાલનમાં આલાપ કદી પણ બાંધછોડ ન કરે. શ્રીહરિની સર્વોપરી નિષ્ઠામાં મુકેશભાઈ નંબર વન કહેવાય.” આમ આખો દિવસ જો સારું સારું જ જોઈશું, સાંભળીશું, વાંચીશું, વિચારીશું અને લખીશું તો એની દઢતા થતાં આપોઆપ એ સદ્‌ગુણો આપણામાં પણ આવશે. જો આ દષ્ટિ, આ લટક, આ સમજણ હાથ લાગી ગઈ તો જીવ સુખિયો થઈ જશે. આ કરવા જેવો અભ્યાસ છે.

આ અભ્યાસમાં મિત્રમંડળ, પરિવારજનો કે સ્નેહીજનોને સહભાગી બનાવવાથી આ દિશામાં ચાલવામાં આપણને સપોર્ટ કરનારો સુંદર મજાનો માહોલ મળશે. હા, સમૂહમાં એક સાવધાની અવશ્ય રાખવી ઘટે કે રખે... આપણો રસ્તો ફંટાઈ ન જાય ! ભેગા મળીને પરસ્પર સદ્‌ગુણગાન કરવાને બદલે બીજા રવાડે ચડી ન જવાય. કોઈની પોઝિટિવ વાતને બદલે નેગેટિવ વાત થવા ન લાગે. ઝેર સમી નેગેટિવ વાતમાં ટમકું મૂકીને આપણા દ્વારા તેની પુષ્ટિ ન થવા લાગે. વળી અન્યના સદ્‌ગુણ જોવા–ગાવાની સાથોસાથ પોતામાં રહેલા સદ્‌ગુણોની નોંધ આવ્યા ન કરે. આટલી સાવધાની સાથે ગુણગ્રાહી બનવાનો ઠરાવ રાખીને જોરદાર અભ્યાસ કરીશું તો એ આપણા કિંચિત્ પ્રયાસથી રાજી થઈને પ્રભુ પોતે જ આ તેમના ગમતા માર્ગે ગતિ કરાવશે... ●●●

# સંતોષી નર સદા સુખી

એક લોભી રાજાએ એક મહાન ઋષિની આગતા-સ્વાગતા કરી ભાવથી જમાડ્યા. તેથી ઋષિ રાજા પર પ્રસન્ન થયા.










વરદાન આપી ઋષિએ ત્યાંથી પ્રસ્થાન કર્યું.

વરદાન મળવાથી મહેલની બધી વસ્તુને સ્પર્શ કર્યો તેથી બધી જ સોનાની થઈ ગઈ. રાજાને તો હરખનો પાર ન રહ્યો.




ચાકર ભોજન લઈને આવ્યો, રાજાનો હાથ અડતાં બધું જ ભોજન સોનાનું થઈ ગયું.




રાજા ચિંતામાં ડૂબી ગયો. ત્યારે રાજકુમારી દોડતી દોડતી આવી. રાજાના અડવાથી તે પણ સોનાની થઈ ગઈ.




રાજા રાત-દિવસ ખાધા પીધા વગર ચિંતામાં ડુબી ગયો અને ફરી પેલા ઋષિ પાસે ગયો.







**બોધ:** ઈશ્વરની ઈચ્છાથી જે મળ્યું છે તેમાં સુખ માનીને સંતોષેયુક્ત જીવન જીવે છે તે જ સદા સુખિયો રહી શકે છે.

हरि इच्छा अन्न आवत जेसा, तामें आनंद करत तेसा ।
संतोषवान रहत सदाई, देह पोषण को न करत उपाई ।।

# સત્સંગ સેવક મેગેઝિનના ગ્રાહકો માટે ખાસ સુચના

જાહેરાત




## વિષય : સત્સંગ સેવક મેગેઝિન બંધ થવા બાબત

૧. હાલના સોશિયલ મીડિયાના જમાનામાં પ્રિન્ટેડ મેગેઝિનની જરૂરીયાત જણાતી ન હોવાથી સર્વાનુમતે આ મેગેઝિન બંધ કરવાનો નિર્ણય લેવાયેલ છે. તે મુજબ **માર્ચ ૨૦૨૪નો અંક પોસ્ટ કર્યા પછીથી** મેગેઝિનનું પ્રકાશન બંધ કરવાનું નિરધાર્યું છે. જેની તમામ ગ્રાહકોએ નોંધ લેવી.

૨. જે ગ્રાહકોએ જ્યારથી મેગેઝીનનું લવાજમ ભર્યું છે ત્યારથી **માર્ચ ૨૦૨૪** સુધીના અંકનું સરેરાશ લવાજમ ગણીને બાકી રહેલા મહિના માટે લવાજમ પરત કરવામાં આવશે.

૩. જે ગ્રાહકોને રીફંડ લેવાનું હોય તેઓએ ફેબ્રુઆરી ૨૦૨૪ના અંકમાં ઉપર આપેલ **QR Code/Link** આપવામાં આવ્યો છે. જે **સ્કેન કરવાથી/કલીક** કરવાથી મોબાઇલમાં એક ફોર્મ ખૂલશે. તે ભરીને તા.૨૮/૦૨/૨૦૨૪ સુધીમાં સબમીટ કરવાનું રહેશે. જેથી આ જ નાણાકીય વર્ષમાં રૂપિયા પરત કરી શકાય.

૪. આ માટે આપની બેંકમાં જે મોબાઇલ લીંક થયેલ હોય તે મોબાઇલ નંબર પણ જણાવવાનો રહેશે. જેથી તમારી બેંકમાં લવાજમના બાકીના રૂપિયા સીધા જમા થઈ શકે અને તેની તમને જાણ થઈ શકે.

૫. આપના તરફથી આ વિગત પ્રાપ્ત થાય પછી જ રીફંડ ચુકવવાની કામગીરી કરવામાં આવશે.

૬. જે ગ્રાહકોનાં ફોર્મ તા.૨૮/૦૨/૨૦૨૪ સુધીમાં નહિ મળે તેઓને આ રીફંડની જરૂર નથી તેમ સમજીને આગળની કાર્યવાહી કરવામાં આવશે અને પાછળથી આ બાબતે કોઈ પણ પ્રકારનો વિવાદ થઈ શકશે નહીં.

૭. તમામ વિગત મોબાઇલમાં આપેલ ફોર્મમાં જ ભરીને સબમીટ કરવી, પરંતુ આ બાબતે કોઈ પણ પ્રકારનો પત્રવ્યવહાર કરવો નહીં.

# શ્રધ્ધાંજલી

## ● અક્ષરવાસ : પ.ભ.શ્રીબાબુભાઈ નારાયણભાઈ કાથરોટીયા–અમદાવાદ



મૂળ ગામ ઓળિયાના હાલ અમદાવાદમાં નિવાસ કરીને રહેતા પ.ભ.બાબુભાઈ નારાયણભાઈ કાથરોટીયા તા.૧૦/૦૧/૨૦૨૪ ના રોજ ૮૩ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતા થકા અક્ષરનિવાસી થયેલ છે. ૩૫ વર્ષ પહેલાં નડિયાદથી ભણીને નીકળ્યા પછી પૂ.ગુરુજી આદિક સંતો અમરેલી જીલ્લાના ઓળિયા ગામે લગભગ ૮ મહિના જેટલો સમય ધ્યાન–ભજન કરવા માટે રોકાયા હતા. ત્યારે એ ગામના બાબુભાઈ ઓળિયાવાળા સંતોની સાથે રહી ધ્યાન–ભજન કરતા અને સંતોની સેવા કરવાનો ખૂબ લાભ લીધો હતો. તેઓ સ્ત્રી, ધન, સ્વાદ કે માન મોટાઈની આસક્તિથી રહિત હતા. પોતાના સંબંધી માટે જેમ વસ્તુ પદાર્થ લાવે તેમ સંતો માટે લાવવાનું શરત ચૂકથી ચૂકાઈ જાય તો ગમે તેટલું દૂર હોવા છતાં પણ પાછા જઈને વસ્તુ પદાર્થ લઈ આવતા અને રડીને સંતોની માફી માગતા, એવું સંતોમાં હેત હતું. વળી તેમને ધ્યાન–ભજન કરવાનું અંગ સારું હતું. પૂ.ગુરુજી સાથે તેમને ખૂબ હેત હતું. તેથી તેઓ ઘણીવાર કુંડળધામમાં સેવા, ભજન અને સંત સમાગમ કરવા રોકાતા હતા.

આવા અખંડ ભજન–સ્મરણ કરનારા, ધ્યાની, સંતસ્નેહી બાબુભાઈની અંતિમયાત્રા પ્રસંગે તા.૧૧/૦૧/૨૦૨૪ના રોજ પૂ.ગુરુજી સંતોને લઈને અમદાવાદ તેમના નિવાસ સ્થાને પધાર્યા હતા અને તેમના પાર્થિવ દેહનું અંતિમ દર્શન–પૂજન કર્યું હતું. વળી ઉપસ્થિત પરિવારજનો અને ભક્તજનોને તેમના સદ્‌ગુણો કહી ભાવાંજલિ અર્પણ કરી હતી. આવા બાબુભાઈના આત્માને શ્રીજીમહારાજ અક્ષરધામમાં પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા તેમના પરિવારજનોને તેમના જેવા સદ્‌ગુણો શીખવાનું બળ આપે એ જ પ્રાર્થના...

## ● અક્ષરવાસ : પ.ભ.શ્રીરમેશચંદ્ર અમૃતલાલ ભટ્ટ–વડોદરા



મૂળગામ ઉમરેઠના હાલ વડોદરામાં રહેતા પ.ભ.રમેશચંદ્ર અમૃતલાલ ભટ્ટ તા.૦૧/૦૧/૨૦૨૪ના રોજ ૯૦ વર્ષની ઉંમરે પ્રભુસ્મરણ કરતા અક્ષરવાસી થયેલ છે. તેઓ શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ–વડોદરામાં સમર્પિત થઈને સેવા કરતા પ.ભ.મુકેશભાઈ ભટ્ટના પિતાજી થાય. તેઓ રોજ કુંડળધામથી થતી સવારની કથા સાંભળતા હતા. મુકેશભાઈ ભટ્ટની નિષ્ઠા–સમર્પણને જોઈ પૂ.ગુરુજી વહાલા મહારાજ અને સંતોની સાથે તેમના પિતાશ્રી રમેશચંદ્ર દાદાની ખબર કાઢવા ગયા હતા. પૂ.ગુરુજીએ તેમને મહારાજનાં દર્શન કરાવી પ્રસાદીનું પાણી પાયું અને સંતો મંદિરે પાછા પધાર્યા ત્યાં દાદાએ દેહ છોડી દીધો. આવા મહા ભાગ્યશાળી રમેશચંદ્ર દાદાના આત્માને શ્રીજીમહારાજ પોતાની મૂર્તિનું મહાસુખ આપે એ જ પ્રાર્થના...

## ● અક્ષરવાસ : પ.ભ.શ્રીકરશનભાઈ ભીમજીભાઈ નકુમ–બગસરા



બગસરામાં નિવાસ કરીને રહેતા પ.ભ.કરશનભાઈ ભીમજીભાઈ નકુમ તા.૧૭/૦૧/૨૦૨૪ના રોજ ૯૪ વર્ષની ઉંમરે પ્રભુસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. શ્રીસ્વામિનારાયણ મંદિર, બગસરામાં તેઓએ કોઠારી તરીકે ૩૦ વર્ષ સુધી નિર્માનીપણે સેવા કરી, સંતોને સેવ્યા અને રાજીપો લીધો હતો. તેમના પુત્રો ગોવિંદભાઈ તથા હસમુખભાઈ વગેરે તેમનો આખો પરિવાર નિષ્ઠાવાન સત્સંગી છે. આવા ભગવાનના ભક્ત કરશનદાદાના આત્માને શ્રીજીમહારાજ અક્ષરધામમાં પોતાની મૂર્તિનું મહા સુખ આપે તથા પરિવારજનોને તેમના જેવા સદ્‌ગુણો આપે એવી પ્રાર્થના...

# સત્સંગ સમાચાર

## ● શ્રીરામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ–અયોધ્યા












સદીઓથી ચાલી રહેલ વિવાદનો સુખદ અંત એટલે રામચંદ્ર ભગવાનની જન્મસ્થળી અયોધ્યાપુરીમાં **શ્રીરામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ...!!** સમગ્ર દુનિયામાં તા.૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ એક ઐતિહાસિક તારીખ બની ગઈ...!! અને એક નવા યુગની શરૂઆત આપતી ગઈ...!! કેમ જે, ૫૦૦ ઉપરાંત વર્ષોના અભૂતપૂર્વ ધૈર્ય, અનેક બલિદાન, ત્યાગ અને તપશ્ચર્યા પછી સૌ કોઈ હિંદુઓના હૃદય સમ્રાટ એવા રામલલ્લા હવે ટેન્ટમાં નહિ રહેતાં ભવ્ય અને દિવ્ય નૂતન મંદિરમાં વિરાજ્યા...!! આજનો આ દિવસ એટલે... સંકલ્પસિદ્ધ દિવસ, શપથ પૂર્ણ થયાનો દિવસ, આકાંક્ષા પૂર્ણ થયાનો દિવસ, વંદન–અભિનંદનનો દિવસ, અર્પણ–તર્પણનો દિવસ...!! આજે આખા દેશમાં જ નહિ પણ આખા વિશ્વમાં લાખો કરોડો ભક્તોએ આ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભાગ લીધો હતો. ઠેર ઠેર રામધૂન, શોભાયાત્રાઓ વગેરેનું આયોજન કરી દેશભરમાં એકસાથે રામ પ્રભુની મહા આરતી કરી આ મહોત્સવના આનંદમાં ઉમેરો કર્યો હતો.!!

અભિજિત મુહૂર્તમાં સુનિલ શાસ્ત્રીજી દ્વારા નિશ્ચિત મુહૂર્તના ૮૪ સેકન્ડમાં ૧૨:૦૦ ને ૨૯ મિનિટ અને ૮ સેકન્ડે આ પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થઈ હતી. આ દિવ્ય–અલૌકિક પ્રતિષ્ઠાવિધિ ૧૧ દિવસના ઉપવાસ કરી ભારતના લોકલાડીલા માનનીય પ્રધાનમંત્રી શ્રીનરેન્દ્રભાઈ મોદીએ સંપન્ન કરી હતી. તેમની સાથે આર.એસ.એસ. પ્રમુખ શ્રીમોહન ભાગવતજી, યુ.પી.ના મુખ્યમંત્રી શ્રીયોગી આદિત્યનાથ, યુ.પી.ના મા.રાજ્યપાલ શ્રીઆનંદીબેન પટેલ પણ જોડાયા હતા. આ

ઉપરાંત અનેક સંતો-મહંતો, ધર્માચાર્યશ્રીઓ, વિદેશી આમંત્રિતો, અનેક સેલિબ્રિટીઓ વગેરે લગભગ ૮૦૦૦ જેટલા મહાનુભાવો અને લાખો ભક્તો આ ઐતિહાસિક ઘડીના સાક્ષી બનવા અયોધ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વળી, સમગ્ર દેશ અને દુનિયામાં સોશિયલ મીડિયાના સથવારે કરોડો ભાવિકો આ અનુપમ ઘડીના સાક્ષી બન્યા હતા.

સમગ્ર દેશ અને દુનિયામાં આજના આ અવિસ્મરણીય અને અલૌકિક અવસરની ધામધૂમથી ઉજવણી થઈ હતી. જેમાં ગામો-ગામ, શહેરે-શહેરે લાઈવ પ્રસારણથી માંડીને ભક્તિમય ગીતો, ભજન-કીર્તન અને મહાપ્રસાદના કાર્યક્રમો યોજાયા હતા. આ ઉપરાંત સાયંકાળે સૌ કોઈએ પોત-પોતાના ઘરે દિવડાઓ પ્રગડાવી ભવ્ય દીપોત્સવ મનાવ્યો હતો. તેની સાથે અયોધ્યામાં સરયુ નદી કિનારે ૧૦ લાખ દીપ પ્રગટાવવામાં આવ્યા હતા, તેનો નજારો કાંઈક અલૌકિક હતો. આ અવસરે શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય તરફથી અયોધ્યામાં અનેક અન્નક્ષેત્રો ખુલ્લાં મૂકવામાં આવ્યાં હતાં, જેમાં લાખો શ્રદ્ધાળુઓને વિનામૂલ્યે જમાડવામાં આવ્યા હતા. તેમજ વડતાલધામમાં કારસેવકોનું વિશિષ્ટ સન્માન પણ કરવામાં આવ્યું હતું.

સનાતનધર્મનું પોષણ કરતા શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના દરેક મંદિરોમાં પણ રંગોળી, દિપમાળા અને મહાઆરતી જેવા કાર્યક્રમો કરી શ્રીરામ મંદિરના આ ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવને ધામધૂમથી ઊજવવામાં આવ્યો હતો. વડોદરા શહેરમાં તા.૧૭/૦૧/૨૦૨૪ના રોજ શ્રીરામ પ્રભુની પ્રાણપ્રતિષ્ઠાના ઉપક્રમે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું; જેમાં શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા મંદિર તરફથી એક ભવ્ય ફ્લોટ મૂકવામાં આવ્યો હતો. શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ અને કારેલીબાગ-વડોદરામાં પણ આ પ્રસંગે રંગોળી અને દિવડાઓથી રોશની કરવામાં આવી હતી. પ.પૂ.ગુરુજીએ આ શુભ અવસર પર સંગીતના સથવારે રામધૂનની રમઝટ બોલાવી સૌને પ્રભુમાં જોડ્યા હતા. પૂ.ગુરુજીના સેવનીય સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ તેમજ કુંડળધામ અને કારેલીબાગ-વડોદરા મંદિરમાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજ અયોધ્યા શ્રીરામ મંદિરમાં બિરાજમાન હોય તેવું સુંદર નયનરમ્ય દૃશ્ય ખડું કરાયું હતું. આ દિવ્ય દર્શન કરી સહુ ભક્તો ભાવવિભોર બન્યા હતા. આ રીતે શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના દરેક મંદિરોએ સનાતનધર્મની ધરોહર સમા આ ઐતિહાસિક મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં ભાગ લીધો હતો.


શ્રીરામલલ્લા-અયોધ્યા



કુંડળધામમાં મહા આરતી



શ્રીઘનશ્યામ મહારાજ-કારેલીબાગ, વડોદરા



શ્રીરામજીકી સવારી-વડોદરા

## ● દિવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ–બગસરાધામ











સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણની પાવન ચરણરજથી અંકિત તથા સદ્‌ગુરુ શ્રીગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સત્પુરુષોના વિચરણથી પ્લાવિત થયેલ સાતલડી નદીના આરે આવેલ બગસરાધામને આંગણે પ.પૂ.સદ્.શ્રીહરિદાસજી સ્વામી અને પ.પૂ.સદ્.શ્રીહરિજીવનદાસજી સ્વામી–જેતપુરના આશીર્વાદથી, પ.પૂ.સદ્. શ્રીલક્ષ્મીપ્રસાદદાસજી સ્વામીની પ્રેરણાથી તા.૧૧ થી ૧૯ જાન્યુઆરી, ૨૦૨૪ દરમ્યાન 'દિવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અને શ્રીમત્સત્સંગિજીવન કથાપારાયણ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કથાના વક્તાપદે પૂ.વિવેકસ્વરૂપદાસજી સ્વામી–બગસરાએ ઉપસ્થિત સૌને કથા–વાર્તાનો લાભ આપ્યો હતો. તા.૧૭/૦૧/૨૦૨૪ના રોજ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના કરકમળો દ્વારા શ્રીસ્વામિનારાયણ ભગવાન તથા ધર્મ–ભક્તિ અને બાલસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજ આદિ દેવોની દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા સંપન્ન થઈ હતી.

આ શુભ અવસર પર કુંડળધામથી પ.પૂ. ગુરુજી ૨૦ જેટલા સંતો સાથે પધાર્યા હતા. મનમોહક શ્રીઘનશ્યામ મહારાજની અન્નકૂટની આરતી ઉતારી સૌને દર્શન–આશીર્વચનનો વિશેષ લાભ આપી રાજી કર્યા હતા. આ પ્રસંગે વડતાલ અને અમદાવાદ દેશ તથા અન્ય ધામોધામથી અનેક મહાનુભાવ સંતોએ પણ પધારી દર્શન–આશીર્વચનનો લાભ આપ્યો હતો.

આ મહોત્સવમાં ૧૦૮ કુંડી યજ્ઞ દર્શન, ભવ્ય પ્રદર્શન, અખંડ ધૂન, મેડિકલ કેમ્પ, રાસોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમ જેવા વિવિધ આયોજનો કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત સંપ્રદાયના મૂર્ધન્ય સંતો તેમજ રાજદ્વારેથી અનેક મહાનુભાવોએ આ ભવ્ય મહોત્સવના દર્શનનો લાભ લીધો હતો.

સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાનપદની સેવાનો લાભ અ.નિ.કનુભાઈ માધાભાઈ નાકરાણી–જાળિયા, હાલ યુ.એસ.એ.ના પરિવારે તથા કથાના મુખ્ય યજમાનપદની સેવાનો લાભ ન્યાલકરણ ગ્રુપ વડોદરાએ લીધો હતો.

## ● શ્રીસ્વામિનારાયણ સંત મિશન શિબિર–૧૪ – સાસણગીર




વિ.સં.૨૦૮૦ માગશર વદ–૨, તા.૨૮/૧૨/૨૦૨૩ને ગુરુવારના રોજ સાસણગીર ખાતે શ્રીબળવંતભાઈ ધામીના રિસોર્ટમાં એક દિવસીય શ્રીસ્વામિનારાયણ સંત મિશન શિબિર–૧૪નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંત મિશન શિબિર–૧૪માં સંત મિશનમાં જોડાયેલા તમામ સંતોના ગુરુ સ્થાને વિરાજમાન પ.પૂ.સદ્. શ્રીમોહનપ્રસાદદાસજી સ્વામી–ધોરાજીએ મંગલ પ્રવચન કરી શિબિરનો પ્રારંભ કરાવ્યો હતો. ત્યાર બાદ પ.પૂ.ગુરુજી, પ.પૂ.સદ્.શ્રીનીલકંઠચરણદસજી સ્વામી–જેતપુર, પ.પૂ.સદ્.શ્રીનિત્યસ્વરૂપદાસજી સ્વામી–સરધાર વગેરે તમામ સદ્‌ગુરુ સંતોએ પ્રભુ પામવાના માર્ગે આગળ વધવા માટેની વિશેષ વાતો કરી હતી. આમ, આ સંત મિશન શિબિર–૧૪માં ઉપસ્થિત સૌ સંતો સદ્‌ગુરુ સંતોના મુખેથી આવી બળભરી વાતો સાંભળી ખૂબ રાજી થયા હતા.

## ● સંતોનું ગામડા વિચરણ–૨૦૮૦

શ્રીહરિની આજ્ઞાથી નંદપંક્તિના સંતોએ ગામડે–ગામડે વિચરણ કરીને અનેક મુમુક્ષુ જીવોને ભગવાનના માર્ગે ચઢાવ્યા હતા. તે પાવન પરંપરા અનુસાર પ.પૂ.ગુરુજીએ સંતોનાં ૭ મંડળો કરી તા.૦૯/૦૧/૨૦૨૪ થી તા.૦૮/૦૨/૨૦૨૪ સુધી અલગ–અલગ ગામડાંઓ તથા શહેરોમાં મોકલ્યા હતા. સંતોએ અલગ અલગ ગામડાંઓ અને શહેરોમાં જે તે ભક્તોની ભાવના અનુસાર સત્સંગસભા, શાકોત્સવ, જ્ઞાનગોષ્ઠી જેવા વિવિધ કાર્યક્રમો દ્વારા આધ્યાત્મિક આનંદની લ્હાણી વહાવી હતી. વળી સૌ ભક્તજનોનાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ દ્રઢ થાય તેમજ મુમુક્ષુજનો ભગવાનના માર્ગે આગળ વધે; તેવાં આયોજનો કરી સહુને આનંદથી ભરી દીધા હતા. આમ, સંતોના ગામડા વિચરણ દ્વારા ભક્તજનો ભજન–ભક્તિ માટેનું ખૂબ સારું પોષણ પામી ખૂબ જ રાજી થયા હતા.

## ● ઝોળી પર્વ–૨૦૨૪





૧૪ જાન્યુઆરી એટલે સમગ્ર ભારતીઓનો માનીતો અને યુગોથી ઉજવાતો તહેવાર. આ દિવસે સૂર્યનો મકર રાશિમાં પ્રવેશ થતો હોવાથી આ પર્વને 'મકરસંક્રાંતિ' પણ કહે છે. આ દિવસે દાન કરવાનો ખૂબ મહિમા છે. ભગવાન શ્રીસ્વામિનારાયણે સર્વ જીવના હિત માટે પોતાના પ્યારા સંતોને ભિક્ષા માંગવાની પુનિત પરંપરા પ્રવર્તાવી હતી. આ પરંપરાને ધ્યાનમાં રાખી આજે પણ પૂ.સંતો આ પર્વના દિવસે ભક્તોના ઘેર ઘેર ભિક્ષા માગવા જાય છે.

પૂ.ગુરુજીની આજ્ઞાથી કુંડળધામ અને કારેલીબાગ–વડોદરાથી પૂ.સંતોના ૨૮ જેટલા મંડળોએ ગામડાઓમાં અને શહેરોમાં હરિભક્તોના ઘેર ઘેર જઈને "નારાયણ હરે...! સચ્ચિદાનંદ પ્રભો...!"ના પવિત્ર નાદ સાથે ઝોળી માંગી હતી. પૂ.ગુરુજીને કેવળ ભગવાનમાં જ અખંડવૃત્તિ રાખવાનું તાન હોવાથી આ વખતની ઝોળીમાં પૂ.ગુરુજીએ ઝોળી માંગવાના સમગ્ર કાર્યક્રમ દરમિયાન અખંડ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન ચાલુ રાખવાની એક વિશેષ આજ્ઞા કરી. તેમાં અનેરા આનંદ અને ઉત્સાહથી ઝોળી પર્વમાં અનેક યુવાન અને વડીલ હરિભક્તો જોડાયા હતા; જેથી એ ધૂન સાંભળનાર સહુકોઈને પ્રભુમાં ભાવ થયો અને સત્સંગનો ખૂબ ગુણ આવ્યો હતો. આંગણે પધારેલ પૂ.સંતોનું ભક્તોએ ભાવથી પૂજન કરી યથાશક્તિ દાન આપ્યું હતું. સંતોને આંગણે પધારેલા જાણી સૌ ભક્તો ધન્યભાગી બન્યા અને એમનાં હૈયાં આનંદથી ભરાઈ ગયાં હતાં.

## ● સત્સંગ જ્ઞાનયજ્ઞ સપ્તાહ પારાયણ, મૂર્તિબાગ–સુરત

શ્રીસ્વામિનારાયણ સત્સંગ હોલ, મૂર્તિબાગ–સુરતના આંગણે તા.૦૨/૦૧/૨૦૨૪ થી તા.૦૮/૦૧/૨૦૨૪ દરમ્યાન અ.નિ.ધર્મેશભાઈ હિંમતભાઈ ગજેરાના મોક્ષાર્થે "સત્સંગ જ્ઞાનયજ્ઞ સપ્તાહ પારાયણ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા.૦૨/૦૧/૨૦૨૪ના રોજ રાત્રે ૮:૩૦ કલાકે પ.ભ.શ્રીરમેશભાઈ માધવજીભાઈ જેતાણી–વલ્લભીપુર તથા પ.ભ.શ્રીગોપાલભાઈ અરજણભાઈ બુટાણી–ખીરસરાના ઘરેથી વાજતે–ગાજતે પોથીયાત્રા નીકળી કથાસ્થળે પહોંચી હતી. ત્યારબાદ પૂ.નારાયણમુની સ્વામી અને પૂ.ધર્મસ્વરૂપ સ્વામીએ યજમાન પરિવાર સાથે દીપપ્રાગટ્ય કરી આ પારાયણનો શુભારંભ કરાવ્યો હતો. આ પારાયણ દરમ્યાન દરરોજ રાત્રે પૂ. ગુરુજીએ સદ્.શ્રીમાધવદાસજી સ્વામીકૃત 'શ્રીહરિ કૃષ્ણચરિત્રામૃતસાગર'ગ્રંથના માધ્યમે કથાગંગાની સાથે સાથે માનસીયાત્રા તથા દરરોજ સવારે પૂ. દયાળુ સ્વામીએ સદ્ગુરુ શ્રીદયાનંદ સ્વામીકૃત 'શ્રીહરિચરિત્ર ચિંતામણિ' ગ્રંથની કથાનું રસપાન કરાવ્યું હતું. જેનો પ્રત્યક્ષ તથા લાઈવ લાભ લઈને હજારો હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી. આ સપ્તાહ દરમ્યાન સંહિતા પાઠના વક્તા પૂ.શ્રીભાવિલા સ્વામીએ "શ્રીહરિકૃષ્ણ ચરિત્રામૃત સાગર" ગ્રંથ અને પૂ.શ્રીઅક્ષરજીવન દાસજી સ્વામીએ "શ્રીહરિચરિત્ર ચિંતામણિ" ગ્રંથનું સંપૂર્ણ પારાયણ કર્યું હતું.

આ સપ્તાહ પારાયણ પૂર્વે પાંચ દિવસ અગાઉ પૂ.ગુરુજીના એકવચને સુરતના સહુ ભક્તોએ અખંડ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી હતી તથા પારાયણ દરમ્યાન દરરોજ સવારે ૯ થી રાત્રીના ૯ વાગ્યા સુધી અખંડ ધૂન કરી હતી. જેમાં આબાલ–વૃદ્ધ સહુ ભાઈઓ–બહેનોને ખૂબ આનંદ આવ્યો હતો. તા.૦૯/૦૧/૨૦૨૪ના રોજ બપોરે ૧૨ વાગ્યે પૂ.ગુરુજીએ આ અખંડધૂનની પૂર્ણાહુતિ કરાવી હતી.

આ જ્ઞાનયજ્ઞ અંતર્ગત સુરતના ભક્તોએ વહાલા મહારાજ, પૂ.ગુરુજી અને સંતોના થાળ અને પધરામણીનો પણ અમુલખ લ્હાવો માણ્યો હતો. આ સત્સંગ જ્ઞાનયજ્ઞના યજમાનપદની સેવાનો લાભ અ.નિ. ધર્મેશભાઈના પિતા પ.ભ. હિંમતભાઈ ગજેરા અને ભાઈ મહેન્દ્રભાઈ ગજેરા વગેરે પરિવારજનોએ લીધો હતો.

RNI Reg No. Guj/Guj/2004-14154 Postal Lic. No.VDR-E/109/2024-26 valid up to 31-12-2026, posted at RMS-Vadodara on 05/02/2024,
Published on 01/02/2024. Licence to Post without Prepayment No.PMG/GJ/01/2026 Valid up to 31-12-2026 વાર્ષિક લવાજમ રૂા.૪૦/- છૂટક કિંમત રૂા.૫/-

સપ્તાહ પારાયણ

# ॥ સત્સંગ જ્ઞાનયજ્ઞ ॥

તા. ૦૨ થી ૦૮ જાન્યુઆરી, ૨૦૨૪



પોથીપાત્રા


દિપપ્રાગટ્ય


અખંડધૂન








કથાશ્રવણ કરતા હરિભક્તો





From : Satsang Sevak Karyalay, Shree Swaminarayan Temple, Karelibaug-Vadodara-18, Gujarat-INDIA.